સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 24

[JUNE - 2020]
[07/06/20 to 13/06/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


## MIRACLES

EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 4

1 TO 15 JUNE - 2020

ICE®

Click Here To
DOWNLOAD



## CURRENT TOPICS

- ભારતના અંતરિયાળ વિસ્તારના ખેલાડીઓને ઓનલાઈન કોચિંગ આપવા ભારતમાં 'ખેલો ઈન્ડિયા ઈ-પાઠશાળા'નો પ્રારંભ
- ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મહત્ત્વની Comprehensive Strategic Partnership સહિત 9 સમજૂતી પર હસ્તાક્ષર
- ગુજરાતના ગીરના જંગલમાં વસતા એશિયાટિક સિંહોની સંખ્યામાં 29 ટકાનો વધારો
- Environmental Performance Index-2020માં ભારત 168મા ક્રમે
- NIRF India Rankings 2020 : ભારતની મેનેજમેન્ટ સંસ્થાઓમાં IIM અમદાવાદ પ્રથમ
- FSSAI 'State Food Safety Index, 2019-20'માં ભારતના મોટા રાજ્યોમાં ગુજરાત પ્રથમ


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**7 JUNE, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 7 જૂન, વિશ્વ અન્ન સુરક્ષા દિવસ (World Food Safety Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 7 જૂનના રોજ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ વિશ્વમાં ફૂડ સેફ્ટી અંગે જાગૃતિ ફેલાવવાનો છે. જેથી અન્નજન્ય રોગોને કારણે થતાં મૃત્યુ ઘટાડી શકાય.
- આ અગાઉ 7 જૂન 2019ના રોજ પ્રથમ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ અતંર્ગત વર્ષ 2020માં બીજા 'વર્લ્ડ ફૂડ સેફ્ટી દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- સંયુક્ત રાષ્ટ્ર તથા અન્ન અને કૃષિ સંસ્થા (Food and Agriculture Organisation-FAO) દ્વારા ડિસેમ્બર 2018માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.

**નોંધ :** (1) વર્ષ 2019ની 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની થીમ 'Food Safety, Everyone's Business' હતી.

(2) વર્ષ 2020 ની 'વર્લ્ડ ફૂડ સેફ્ટી દિવસ'ની થીમ પણ 'Food Safety, Everyone's Business' (અન્ન સુરક્ષા, સૌનો અધિકાર) જ છે.

(3) 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' 7 જૂનના રોજ ઉજવાય છે જ્યારે 'વિશ્વ અન્ન દિવસ' (World Food Day)ની ઉજવણી દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ કરવામાં આવે છે.

## ➤ G-7 જૂથમાં ભારત સહિત ચાર દેશોનો સમાવેશ કરવા અમેરિકાનો પ્રસ્તાવ

અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે G-7 જૂથમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા અને રશિયાનો સમાવેશ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

- જેમાં રશિયા તો અગાઉ આ જૂથનું સભ્ય પણ હતું.
- જોકે, રશિયાએ આ બાબતને ચીનને એકલું પાડી દેવાની વ્યૂહરચના ગણાવીને આ જૂથમાં સામેલ થવાનો ઈનકાર કર્યો છે.
- તેની સામે કેનેડા અને બ્રિટન સહિતના દેશો દ્વારા પણ રશિયાને આ જૂથમાં સામેલ કરવાના પ્રસ્તાવનો વિરોધ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## G-7 જૂથ

G-7 અથવા તો 'Group of Seven'માં અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાન્સ, જર્મની, ઈટલી અને કેનેડા એમ કુલ 7 સભ્ય દેશોનો સમાવેશ થાય છે.

- તેની સ્થાપના 1975માં થઈ હતી.
- G-7 એ એક આંતરરાષ્ટ્રીય આંતર સરકારી આર્થિક સંગઠન છે.
- 1975માં એ સમયની ટોચની અર્થવ્યવસ્થાઓ દ્વારા વિશ્વના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવા માટે આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- પ્રારંભમાં અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાન્સ, જર્મની અને ઈટલી એમ કુલ 6 દેશો દ્વારા આ જૂથની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, એ સમયે તે G-6 અથવા તો 'Group of Six' તરીકે ઓળખાતું હતું.
- જોકે, 1977માં તેમાં કેનેડાનો સમાવેશ થતાં તે G-7 અથવા તો 'Group of Seven' તરીકે ઓળખાયું.
- હાલ (7 જૂન 2020ની સ્થિતિએ) આ જૂથમાં 7 દેશોનો સમાવેશ થાય છે.
- જોકે, અગાઉ 1998માં આ જૂથમાં રશિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આથી, તે સમયે આ જૂથ G-8 અથવા તો 'Group of Eight' તરીકે ઓળખાતું હતું.
- જોકે, વર્ષ 2014માં ક્રીમિયા વિવાદને કારણે રશિયાને આ જૂથમાંથી હટાવી દેવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) G-7નું કોઈ ઔપચારિક બંધારણ નથી. અને તેનું કોઈ નિશ્ચિત વડું મથક પણ નથી.

(2) આ જૂથની વાર્ષિક સમિટની અધ્યક્ષતા સાતેય સભ્ય દેશોના નેતાઓ દ્વારા રોટેશનલ ધોરણે વારાફરતી કરવામાં આવે છે.

(3) આ અગાઉ 24થી 26 ઓગસ્ટ 2019 દરમિયાન ફ્રાન્સના બિઆરિત્ઝ ખાતે યોજાયેલી G-7ની 45મી સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહયા હતા.

(4) તાજેતરમાં 10થી 12 જૂન 2020 દરમિયાન અમેરિકાના કેમ્પ ડેવિડ ખાતે યોજાનાર G-7નું 46મું શિખર સંમેલન સ્થગિત રાખવામાં આવ્યું છે.

(5) જો આ જૂથમાં ભારતનો સમાવેશ થશે તો આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના વર્ચસ્વમાં વધારો થશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ભારતમાં શારીરિક શિક્ષણને પ્રોત્સાહન આપવા 'ખેલો ઈન્ડિયા સમુદાય કોચ વિકાસ કાર્યક્રમ' લોન્ચ

ભારતમાં કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી કિરણ રિજિજુએ 1 જૂન, 2020ના રોજ 25 દિવસના 'ખેલો ઈન્ડિયા સમુદાય કોચ વિકાસ કાર્યક્રમ' (Khelo India Community Coach Development Program)નો શુભારંભ કરાવ્યો છે.

- આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ભારતની સ્કૂલોમાં શારીરિક શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.
- આ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર દેશના 15,000 જેટલા વ્યાયામ શિક્ષકો અને ટ્રેઈનરોને 25 દિવસ સુધી તાલીમ આપવામાં આવશે.

## ➤ ભારતના અંતરિયાળ વિસ્તારના ખેલાડીઓને ઓનલાઈન કોચિંગ આપવા ભારતમાં 'ખેલો ઈન્ડિયા ઈ-પાઠશાળા'નો પ્રારંભ

ભારતમાં કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી કિરણ રિજિજુ અને આદિવાસી કલ્યાણ મંત્રી શ્રી અર્જુન મુંડાએ 1 જૂન 2020ના રોજ 'ખેલો ઈન્ડિયા ઈ-પાઠશાળા' (Khelo India e-pathshala)નો શુભારંભ કરાવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતના અંતરિયાળ વિસ્તારમાં રહેતા ખેલાડીઓને શ્રેષ્ઠ તાલીમ મળી રહે તે માટે આ ઈ–પાઠશાળાનો શુભારંભ કરવામાં આવ્યો છે.
- આ ઈ–પાઠશાળા દ્વારા ભારતના ગ્રામીણ તેમજ આદિવાસી વિસ્તારોના ખેલાડીઓને શ્રેષ્ઠ કોચના માર્ગદર્શનનો તથા પ્રોફેશનલ ટ્રેનિંગનો લાભ મળશે.

### આ કાર્યક્રમ અંતર્ગત કેટલી રમતોનો સમાવેશ થયો છે ?

'ખેલો ઈન્ડિયા ઈ–પાઠશાળા' કાર્યક્રમ અંતર્ગત 21 રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ 21 રમતોમાં એથ્લેટિક્સ, તીરંદાજી, બોક્સીંગ, સાયકલિંગ, તલવારબાજી, ફૂટબોલ, જિમ્નાસ્ટિક્સ, હોકી, જૂડો, કેકિંગ અને કેનોઈંગ, કબડ્ડી, પેરા સ્પોર્ટ્સ, રોઈંગ, શૂટિંગ, તાઈક્વાંડો, ટેબલ ટેનિસ, વોલીબોલ, વેઈટ લિફ્ટીંગ, રેસલિંગ (કુશ્તી) અને વુશુનો સમાવેશ થાય છે.

**નોંધ :** ભારતમાં Sport Authority of India (SAI) અને National Sport Federation (NSF) દ્વારા સંયુક્ત રીતે આ ઈ–પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે.

## ICE ? Questions

1. 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' અથવા તો 'વર્લ્ડ ફૂડ સેફટી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 જૂન (B) 6 જૂન (C) 7 જૂન (D) 8 જૂન **(C)**

2. 'વિશ્વ અન્ન દિવસ' અથવા તો 'વર્લ્ડ ફૂડ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 જૂન (B) 16 ઓગસ્ટ
(C) 16 ઓક્ટોબર (D) 16 નવેમ્બર **(C)**

3. વર્ષ 2020માં કેટલામા 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(B)**

4. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે G-7 જૂથમાં કયા ચાર દેશોનો સમાવેશ કરવાનો વિચાર રજૂ કર્યો હતો ?

(A) ભારત, રશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ
(B) ભારત, રશિયા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા
(C) ભારત, રશિયા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયા
(D) ભારત, રશિયા, ઓસ્ટ્રેલિયા અને બ્રાઝિલ **(C)**

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ G-7 જૂથના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. કુલ 6 દેશો દ્વારા 1975માં તેની સ્થાપના થઈ હતી.
2. તેના વર્તમાન 7 સભ્ય દેશોમાં અમેરિકા, બ્રિટન, જાપાન, જર્મની, ફ્રાન્સ, ઈટલી અને કેનેડાનો સમાવેશ થાય છે.
3. વર્ષ 2014માં બ્રાઝિલને આ જૂથમાંથી હટાવી દેવામાં આવ્યું હતું.
4. તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. ખાતે આવેલું છે.

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 2 **(D)**

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ G-7 જૂથમાં સાતમા સભ્ય તરીકે કયા દેશોનો સમાવેશ થયો હતો ?

(A) ઈટલી (B) કેનેડા (C) જાપાન (D) ફ્રાન્સ **(B)**

7. ભારતમાં શારીરિક શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 1 જૂન 2020ના રોજ કેટલા દિવસનો 'ખેલો ઈન્ડિયા સમુદાય કોચ વિકાસ કાર્યક્રમ' લોન્ચ કરવામાં આવ્યો છે ?

(A) 10 (B) 15 (C) 20 (D) 25 **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

8. ભારતના ગ્રામીણ, આદિવાસી તેમજ અંતરિયાળ વિસ્તારના ખેલાડીઓને શ્રેષ્ઠ તાલીમ મળી રહે તે માટે ભારતમાં કયા ઈ–પ્લેટફોર્મનો શુભારંભ કરવામાં આવ્યો છે ?
(A) ખેલો ઈન્ડિયા ઈ–કોચિંગ (B) ખેલો ઈન્ડિયા ઈ–સ્પોર્ટ્સ
(C) ખેલો ઈન્ડિયા ઈ–પાઠશાળા (D) ખેલો ઈન્ડિયા ઈ–ટ્રેઈનિંગ **(C)**

9. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ 'ખેલો ઈન્ડિયા ઈ–પાઠશાળા' કાર્યક્રમમાં કુલ કેટલી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) 15 (B) 20 (C) 21 (D) 25 **(C)**

10. ભારતમાં 'Sports Authority of India' દ્વારા કોના સહયોગથી 'ખેલો ઈન્ડિયા ઈ–પાઠશાળા' શરૂ કરવામાં આવી છે ?
(A) National Sports Academy (B) National Sports Association
(C) National Sports Foundation (D) National Sports Federation **(D)**

## 8 JUNE, 2020 MONDAY

➢ **દિવસ મહિમા : 8 જૂન, (1) વિશ્વ સમુદ્ર દિવસ (World Oceans Day)**
**(2) વિશ્વ બ્રેઈન ટ્યૂમર દિવસ (World Brain Tumor Day)**

### વિશ્વ સમુદ્ર દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 જૂનના રોજ 'વિશ્વ સમુદ્ર દિવસ' અથવા તો 'વિશ્વ મહાસાગર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ જીવનમાં મહાસાગરોના મહત્ત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2009થી થયો હતો.
- વર્ષ 2020ની 'વિશ્વ સમુદ્ર દિવસ'ની થીમ 'Innovation for a Sustainable Ocean' છે.

➢ **Real Time Electricity Market (RTEM)નો ભારતમાં પ્રારંભ**

ભારતમાં કેન્દ્ર સરકારના વીજ મંત્રાલય દ્વારા 3 જૂન 2020ના રોજ ભારતમાં Real Timeમાં વીજળીની ખરીદી અને વેચાણ થઈ શકે તે માટેના બજારનો પ્રારંભ કરાવવામાં આવ્યો છે.

- આ સાથે જ ભારતના Electric Marketનો સમાવેશ પણ વિશ્વના અનેક દેશોમાં સંચાલિત 'Real Time ElectricityMarket (RTEM)ની શ્રેણીમાં થઈ ગયો છે.

- ભારતમાં કેન્દ્ર સરકારના વીજ મંત્રાલય દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ માર્કેટનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.
- સરકારના આ નિર્ણયથી હવે ભારતમાં ખરીદદારો અને વેચાણકારો જરૂરિયાત મુજબ **Real Time**માં એટલે કે **વાસ્તવિક સમય**માં વીજળીની ખરીદી અને વેચાણ કરી શકશે.
- આ અંતર્ગત ભારતમાં **દર 30 મિનિટે** એક હરરાજી સત્ર (Auction Session) યોજવામાં આવશે.
- એટલે કે એક દિવસમાં આવા કુલ **48 સત્રો** યોજાશે.
- જેમાં થયેલી ડીલ મુજબ સત્ર બંધ થયા બાદ ફક્ત 1 કલાકમાં જ વીજળીનું વિતરણ કરવામાં આવશે.
- આ વ્યવસ્થાથી ભારતમાં ઉપલબ્ધ વધારાની વીજળીનો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત થઈ શકશે.

## ➢ વિદેશમાંથી ભારત પરત ફરી રહેલા ભારતીય નાગરિકોની કુશળતાના શ્રેષ્ઠ ઉપયોગ માટે ભારતમાં 'સ્વદેશ' પહેલ લોન્ચ

તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **'સ્વદેશ' (SWADES)** નામથી એક પહેલ શરૂ કરવામાં આવી છે.

- **SWADES**નું પૂરું નામ **Skilled Workers Arrival Database for Employment Support** છે.
- આ પહેલનો મુખ્ય ઉદ્દેશ વિદેશમાં નોકરી–ધંધો કરતા અને COVID-19ને કારણે હાલ ભારત પરત ફરી રહેલા નાગરિકોની કુશળતાનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો તેમજ તેમને ભારતમાં રોજગાર ઉપલબ્ધ કરાવવાનો છે.
- આ માટે હાલ વિદેશથી ભારત પરત ફરી રહેલા ભારતીય નાગરિકોના ડેટાબેઝને આધારે **'સ્વદેશ કૌશલ્ય ફોર્મ'** અથવા તો **'સ્વદેશ કૌશલ્ય કાર્ડ'** તૈયાર કરવામાં આવે છે.
- આ કાર્ડ અથવા તો ફોર્મને આધારે વિવિધ કંપનીઓ અને સંસ્થાઓ દ્વારા તેમને રોજગાર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**નોંધ :** (1) COVID-19ને કારણે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે કેન્દ્ર સરકારે **'વંદે ભારત મિશન'** લોન્ચ કર્યું છે.

(2) હાલ વિશ્વના જે દેશોમાંથી ભારતીય નાગરિકો સ્વદેશ પરત ફરી રહયા છે તે દેશોમાં મુખ્યત્વે **સંયુક્ત આરબ અમિરાત (UAE), સાઉદી અરબ, ઓમાન, કુવૈત, કતાર** વગેરેનો સમાવેશ થાય છે.

## ➢ ભારતમાં કોલકાતા બંદરનું નામ બદલીને ડો. શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ટ્રસ્ટ' કરવાની કેન્દ્ર સરકારની મંજૂરી

ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં **કોલકાતા બંદર**નું નામ બદલવા માટેની મંજૂરી આપી દેવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ અંતર્ગત **'કોલકાતા પોર્ટ ટ્રસ્ટ'** તરીકે ઓળખાતું **કોલકાતા બંદર** હવે **'ડો. શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ટ્રસ્ટ'** તરીકે ઓળખાશે.
- આમ, કોલકાતા બંદરને શ્રી શ્યામા પ્રસાદ મુખર્જીનું નામ આપવામાં આવ્યું છે.

## શ્રી શ્યામા પ્રસાદ મુખર્જી

શ્રી શ્યામા પ્રસાદ મુખર્જી ભારતના પ્રસિદ્ધ શિક્ષણવિદ, ચિંતક અને રાજનેતા હતા.

- 6 જુલાઈ 1901ના રોજ **પશ્ચિમ બંગાળ**ના **કોલકાતા** ખાતે તેમનો જન્મ થયો હતો.
- આઝાદ ભારતના પ્રથમ મંત્રીમંડળમાં તેઓ ભારતના **વ્યાપાર અને ઉદ્યોગ મંત્રી** રહયા હતા.
- શ્રી શ્યામા પ્રસાદ મુખર્જીએ **1951**માં **'ભારતીય જન સંઘ'** નામના નવા પક્ષની રચના કરી હતી.
- આ **'ભારતીય જન સંઘ'**માંથી જ આગળ જતાં **'ભારતીય જનતા પાર્ટી' (BJP)**ની રચના થઈ હતી.

## કોલકાતા બંદર

**'કોલકાતા પોર્ટ ટ્રસ્ટ'** તરીકે ઓળખાતું **કોલકાતા બંદર** એ ભારતનું મુખ્ય બંદર છે.

- ભારતના પશ્ચિમ બંગાળમાં **હુગલી નદી**ના કિનારે આ બંદર આવેલું છે.
- કોલકાતા બંદર એ ભારતમાં નદી કિનારે આવેલું દેશનું પ્રથમ એવું બંદર છે જે સમુદ્રથી 203 કિમી દૂર આવેલું હોય.

## ભારતમાં અન્ય બંદરોના નવા નામ

ભારતમાં આ અગાઉ પણ કેટલાક બંદરોના નામમાં પરિવર્તન કરવામાં આવ્યું છે.

- જેમાંથી કેટલાક મુખ્ય બંદરોના નામમાં થયેલા ફેરફાર આ પ્રમાણે છે :

**બંદરોના નામમાં પરિવર્તન**

| ક્રમ | જૂનું નામ | નવું નામ | વર્ષ |
|---|---|---|---|
| 1 | કોલકાતા પોર્ટ ટ્રસ્ટ | ડો. શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ટ્રસ્ટ | 2020 |
| 2 | કંડલા પોર્ટ | દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ | 2017 |
| 3 | એન્નોર પોર્ટ લિમિટેડ | કામરાજાર પોર્ટ લિમિટેડ | 2014 |
| 4 | તૂતીકોરીન પોર્ટ ટ્રસ્ટ | વી.ઓ.ચિદંબરનાર પોર્ટ ટ્રસ્ટ | 2011 |
| 5 | ન્હાવા શવા પોર્ટ ટ્રસ્ટ | જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ | 1988 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE ? Questions

1. 'વિશ્વ સમુદ્ર દિવસ' અથવા તો 'વિશ્વ મહાસાગર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 જૂન (B) 7 જૂન (C) 8 જૂન (D) 9 જૂન **(C)**

2. 'વર્ષ 2020ની 'વિશ્વ સમુદ્ર દિવસ'ની થીમ શું છે ?
(A) Health Oceans, Healthy Planet
(B) Innovation for a Sustainable Ocean
(C) Our Oceans, Our Responsibilities
(D) Gender and Oceans **(B)**

3. 'વિશ્વ બ્રેઈન ટ્યૂમર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 જૂન (B) 7 જૂન (C) 8 જૂન (D) 9 જૂન **(C)**

4. ભારતમાં કેન્દ્ર સરકારના વીજ મંત્રાલય દ્વારા ભારતમાં વીજ ક્ષેત્રે કયા માર્કેટનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
(A) Real Time Electricity Market
(B) Responcible Electricity Market
(C) Zone Wise Electricity Market
(D) Urban and Rural Electricity Market **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. વિદેશમાંથી ભારત પરત ફરી રહેલા ભારતીય નાગરિકોની કુશળતાનો ઉપયોગ કરવા માટે તેમજ તેમને ભારતમાં રોજગાર ઉપલબ્ધ કરાવવા માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કઈ પહેલ લોન્ચ કરવામાં આવી છે ?
(A) વંદે ભારત (B) વંદે માતરમ્ (C) સ્વદેશ (D) સુસ્વાગતમ્ **(C)**

6. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલ 'સ્વદેશ' પહેલનું પૂરું નામ શું છે ?
(A) Skilled Workers Arrival Database for Employment Support
(B) Skilled Workers Arrival Database of Employment Support
(C) Skilled Workers Arrival Database for Economic Support
(D) Skilled Workers Arrival Database of Economic Support **(A)**

7. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલ 'સ્વદેશ' પહેલનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
(A) ચીની માલસામાનનો બહિષ્કાર કરવો
(B) ચીની માલસામાનનો બહિષ્કાર કરીને સ્વદેશી પ્રોડકટને પ્રોત્સાહન આપવું
(C) COVID-19ને કારણે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા
(D) COVID-19ને કારણે ભારત પરત ફરી રહેલા ભારતીય નાગરિકોને ભારતમાં રોજગાર ઉપલબ્ધ કરાવવો **(D)**

8. ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા કયા બંદર અથવા તો પોર્ટનું નામ બદલીને 'શ્યામા પ્રસાદ મુખર્જી ટ્રસ્ટ' કરવાની મંજૂરી આપવામાં આવી છે ?
(A) કંડલા (B) કોચિ (C) કોલકાતા (D) વિશાખાપટ્ટનમ **(C)**

9. ભારતમાં 'કોલકાતા પોર્ટ ટ્રસ્ટ'નું નામ બદલીને નવું કયું નામ રાખવા માટે કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી દીધી છે ?
(A) દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ (B) ડો. રાજેન્દ્ર પ્રસાદ પોર્ટ ટ્રસ્ટ
(C) ડો. શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ટ્રસ્ટ (D) ડો. અબ્દુલ કલામ પોર્ટ ટ્રસ્ટ **(C)**

10. ભારતમાં કયા પોર્ટનું નામ બદલીને દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ કરવામાં આવ્યું છે ?
(A) તૂતીકોરીન (B) કંડલા (C) કોચિ (D) ન્હાવા શેવા **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 9 JUNE, 2020 TUESDAY

### ➤ Environmental Performance Index-2020માં ભારત 168મા ક્રમે

અમેરિકાની ચેલ યુનિવર્સિટીના 'Center for Environmental Law & Policy' દ્વારા તેમજ અમેરિકાની કોલમ્બિયા યુનિવર્સિટીના 'Center for International Earth Science Information Network' દ્વારા સંયુક્ત રીતે તાજેતરમાં 'Environmental Performance Index (EPI) 2020' (પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક 2020) પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં વિશ્વના 180 દેશોમાં ભારત 168મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત 177મા ક્રમે હતો.
- આમ, વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2020ના આ ઈન્ડેક્સમાં ભારતના રેન્કમાં 9 ક્રમનો સુધારો થયો છે.
- જોકે, આ અગાઉ વર્ષ 2018ના આ ઈન્ડેક્સમાં ભારતનો સ્કોર 100માંથી 30.57 હતો. જે વર્ષ 2020માં ઘટીને 27.6 થઈ ગયો છે.

## આ ઈન્ડેક્સમાં વિશ્વના અન્ય દેશોનો ક્રમ

વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ડેન્માર્ક પ્રથમ ક્રમે છે.

- ડેન્માર્ક બાદ લક્ઝમબર્ગ બીજા અને સ્વિત્ઝર્લેન્ડ ત્રીજા ક્રમે છે.
- જ્યારે લાઈબેરિયા અંતિમ 180મા ક્રમે છે.

### EPI 2020 Rank

| Rank | Country |
|---|---|
| 1 | ડેન્માર્ક |
| 2 | લક્ઝમબર્ગ |
| 3 | સ્વિત્ઝર્લેન્ડ |
| 4 | બ્રિટન |
| 5 | ફ્રાન્સ |
| 24 | અમેરિકા |
| 107 | ભૂટાન |
| 109 | શ્રીલંકા |
| 120 | ચીન |

| Rank | Country |
|---|---|
| 127 | માલદીવ |
| 142 | પાકિસ્તાન |
| 145 | નેપાળ |
| 162 | બાંગ્લાદેશ |
| 168 | ભારત |
| 178 | અફઘાનિસ્તાન |
| 179 | મ્યાનમાર |
| 180 | લાઈબેરિયા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

આબોહવા પરિવર્તન, હવાની ગુણવત્તા, સ્વચ્છતા અને પીવાનું પાણી, જૈવ વિવિધતા અને આવાસ, મત્સ્યપાલન, ઈકો સર્વિસ, જળ સંસાધન, પ્રદૂષક ઉત્સર્જન, કૃષિ, વેસ્ટ મેનેજમેન્ટ અને ભારે ધાતુ એમ કુલ 11 જેટલા મુદ્દાઓ સાથે સંકળાયેલી કેટેગરી તથા જુદા જુદા 32 ક્ષેત્રોમાં થયેલી કામગીરીને આધારે આ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

- આ રિપોર્ટ દર બે વર્ષે પ્રસિદ્ધ થાય છે.
- આ રિપોર્ટનો પ્રારંભ વર્ષ 2002થી થયો હતો.
- વર્ષ 2020માં આ તેનો 13મો રિપોર્ટ પ્રસિદ્ધ થયો છે.

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ ક્રમે હતું.

(2) જ્યારે વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં બાંગ્લાદેશ 179મા અને બુરુંડી અંતિમ 180મા ક્રમે હતું.

## ➢ ભારતમાં મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં 3 નવી કોલસાની ખાણોનો પ્રારંભ

ભારતમાં તાજેતરમાં 3 નવી કોલસાની ખાણોનો પ્રારંભ થયો છે.

- કોલસાની આ નવી ખાણો ભારતના મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં આવેલી છે.
- કોલસાની આ ખાણોના નામ આ પ્રમાણે છે :

| ક્રમ | ખાણનું નામ | રાજ્ય | વિસ્તાર |
|---|---|---|---|
| 1 | અદસા ખાણ | મહારાષ્ટ્ર | નાગપુર |
| 2 | શારદા ભૂગર્ભ ખાણ | મધ્યપ્રદેશ | કન્હાન |
| 3 | ધનકસા ભૂગર્ભ ખાણ | મધ્યપ્રદેશ | પેંચ |

### કઈ કંપની દ્વારા આ ખાણોનો પ્રારંભ થયો છે ?

ભારતમાં કેન્દ્ર સરકારની માલિકીની વેસ્ટર્ન કોલફીલ્ડ્સ લિમિટેડ (Western Coalfields Ltd-WCL) નામની કંપની દ્વારા આ ખાણોનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- વેસ્ટર્ન કોલ્ફીલ્ડ્સ લિમિટેડ એ ભારતમાં કેન્દ્ર સરકારના કોલસા મંત્રાલય અંતર્ગત કાર્ય કરતી કોલ ઈન્ડિયા લિમિટેડ (Coal India Limited) નામની કંપનીની આઠ સહાયક કંપનીઓમાંની એક કંપની છે.
- આ ત્રણ નવી ખાણોનું સંયુક્ત વાર્ષિક ઉત્પાદન 2.9 મિલિયન ટન હશે.
- વેસ્ટર્ન કોલફીલ્ડ્સ લિમિટેડે' નાણાકીય વર્ષ 2023-24 સુધીમાં 75 મિલિયન ટન કોલસાનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય રાખ્યું છે.
- જ્યારે કોલ ઈન્ડિયા લિમિટેડ દ્વારા નાણાકીય વર્ષ 2023-24 સુધીમાં 1 બિલિયન ટન કોલસા ઉત્પાદનનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

**નોંધ :** વેસ્ટર્ન કોલફીલ્ડ્સ લિમિટેડ દ્વારા નાણાકીય વર્ષ 2023-24 સુધીમાં મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં નવી કુલ 20 ખાણો શરૂ કરવાની યોજના છે. જેમાંથી હાલ આ 3 ખાણો શરૂ કરવામાં આવી છે.

## ➢ શ્રી જાવેદ અખ્તર Richard Dawkins Award વિજેતા પ્રથમ ભારતીય બન્યા

ભારતના પ્રસિદ્ધ લેખક અને ગીતકાર શ્રી જાવેદ અખ્તરને વર્ષ 2020નો રિચાર્ડ ડોકિન્સ એવોર્ડ એનાયત થયો છે.

- આ સાથે જ શ્રી જાવેદ અખ્તર આ પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય બની ગયા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- શ્રી જાવેદ અખ્તરને ધર્મનિરપેક્ષતાના સંરક્ષણ તથા ફ્રી થિંકિંગને પ્રોત્સાહન આપવા માટે આ પુરસ્કાર એનાયત થયો છે.

## Richard Dawkins Award

આ પ્રતિષ્ઠિત પુરસ્કાર **શ્રી રિચાર્ડ ડોકિન્સ**ના નામથી આપવામાં આવે છે.

- શ્રી રિચાર્ડ ડોકિન્સ એક પ્રસિદ્ધ લેખક અને વિકાસવાદી જીવવિજ્ઞાની છે.
- તેમનો જન્મ 26 માર્ચ 1941ના રોજ **કેન્યા**ના **નૈરોબી**માં થયો હતો. અને તેઓ હાલ **બ્રિટન**ની નાગરિકતા ધરાવે છે.
- શ્રી રિચાર્ડ ડોકિન્સના નામથી શરૂ થયેલા આ એવોર્ડનો પ્રારંભ વર્ષ **2003**થી થયો છે.
- **દર વર્ષે** કોઈ એક વ્યક્તિને આ એવોર્ડ એનાયત થાય છે.
- જેમણે જાહેરમાં ધર્મનિરપેક્ષતા માટે કોઈ કાર્ય કર્યું હોય તેવા વિજ્ઞાન, સંશોધન, શિક્ષણ અથવા તો મનોરંજન ક્ષેત્રના કોઈ મહાનુભાવને આ એવોર્ડ એનાયત થાય છે.
- આ એવોર્ડ **જુલાઈ 2019** સુધી **Atheist Alliance of America** દ્વારા એનાયત થતો હતો.
- જોકે, હવે તે અમેરિકામાં આવેલા **Center for Inquiry** દ્વારા એનાયત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી જાવેદ અખ્તર

શ્રી જાવેદ અખ્તર ભારતના પ્રસિદ્ધ **કવિ, ગીતકાર અને હિન્દી ફિલ્મોમાં પટકથા લેખક** છે.

- તેમનો જન્મ 17 જાન્યુઆરી 1945ના રોજ **મધ્યપ્રદેશ**ના **ગ્વાલિયર**માં થયો હતો.
- વર્ષ 2010થી 2016 દરમિયાન તેઓ ભારતની **રાજ્ય સભાના (નોમિનેટડ) સભ્ય પણ રહ્યા** હતા.
- તેમણે **શોલે, જંજીર, દીવાર, સીતા અને ગીતા** વગેરે જેવી પ્રસિદ્ધ હિન્દી ફિલ્મોની સ્ટોરી, પટકથા અને સંવાદ લખ્યો છે.
- તેમને વર્ષ **1999**માં **પદ્મ શ્રી** અને વર્ષ **2007**માં **પદ્મ ભૂષણ** પુરસ્કાર એનાયત થયો હતો.
- આ ઉપરાંત તેમને **સાહિત્ય અકાદમી એવોર્ડ**, **5 નેશનલ ફિલ્મ એવોર્ડ** અને **8** જેટલા **ફિલ્મફેર એવોર્ડ** પણ એનાયત થયા છે.

## ICE Questions

1. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'એનવાયરમેન્ટલ પરફોર્મન્સ ઈન્ડેકસ 2020'માં કુલ 180 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) 164 (B) 168 (C) 176 (D) 177 **(B)**

2. વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા 'એનવાયરમેન્ટલ પરફોર્મન્સ ઈન્ડેકસ'માં ભારત કયા ક્રમે હતું ?
(A) 147 (B) 171 (C) 175 (D) 177 **(D)**

3. વર્ષ 2020ના 'પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક' 2020માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) સ્વીડન (B) ડેન્માર્ક (C) સ્વિત્ઝરલેન્ડ (D) ફિનલેન્ડ **(B)**

4. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક' 2020માં અંતિમ 180મા ક્રમે કયો દેશ છે ?
(A) બુરુંડી (B) લીબિયા (C) લાઈબેરિયા (D) સીરિયા **(C)**

5. તાજેતરમાં ભારતના કયા બે રાજ્યોમાં કોલસાની 3 નવી ખાણોનો પ્રારંભ થયો છે ?
(A) મહારાષ્ટ્ર અને ઝારખંડ (B) મહારાષ્ટ્ર અને છત્તીસગઢ
(C) મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ (D) મહારાષ્ટ્ર અને આસામ **(C)**

6. જૂન 2020 દરમિયાન ભારતના મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં કઈ કંપની દ્વારા કોલસાની 3 નવી ખાણોનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
(A) કોલ ઈન્ડિયા લિમિટેડ (B) ઈસ્ટર્ન કોલફીલ્ડ્સ લિમિટેડ
(C) વેસ્ટર્ન કોલફીલ્ડ્સ લિમિટેડ (D) નેશનલ કોલફીલ્ડ્સ લિમિટેડ **(C)**

7. તાજેતરમાં ચર્ચામાં રહેલ ધનકસા કોલસાની ખાણ ભારતના કયા રાજ્યમાં આવેલી છે ?
(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) બિહાર (D) ઓડિશા **(B)**

8. શારદા ભૂગર્ભ કોલસા ખાણ ભારતના કયા રાજ્યમાં આવેલી છે ?
(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) બિહાર (D) ઓડિશા **(B)**

9. તાજેતરમાં નવી શરૂ થયેલી અદસા કોલસાની ખાણ ભારતના કયા રાજ્યમાં આવેલી છે ?
(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) બિહાર (D) ઓડિશા **(A)**

10. વર્ષ 2020ના રિચાર્ડ ડોકિન્સ એવોર્ડ વિજેતા ભારતીય કોણ છે ?
(A) શ્રી સલમાન રશ્દી (B) શ્રી અદનાન સામી
(C) શ્રી જાવેદ અખ્તર (D) શ્રી વાજીદ ખાન **(C)**

11. રિચાર્ડ ડોકિન્સ એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય મહાનુભાવ કોણ છે ?
(A) શ્રી જાવેદ અખ્તર (B) શ્રી આર. જે. શર્મા
(C) શ્રી આલોક શર્મા (D) સુશ્રી વંદના શાહ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10 JUNE, 2020 WEDNESDAY

## ➤ ભારતમાં પોષણ સ્તરમાં સુધારા માટે સુશ્રી જયા જેટલીની અધ્યક્ષતામાં એક ટાસ્ક ફોર્સની રચના

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં <u>સુશ્રી જયા જેટલી</u>ની <u>અધ્યક્ષતા</u>માં એક <u>ટાસ્ક ફોર્સ (કાર્યદળ)</u>ની રચના કરવામાં આવી છે.

- ભારતમાં <u>પોષણ સ્તરમાં સુધારો કરવા માટે</u> તેમજ તેની સાથે સંકળાયેલા અન્ય મુદ્દાઓ અંગે વિચાર–વિમર્શ કરવા માટે આ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.
- <u>સુશ્રી જયા જેટલી</u>ની અધ્યક્ષતામાં રચાયેલી આ ટાસ્ક ફોર્સના <u>સભ્યો</u> તરીકે હોદ્દાની રૂએ <u>રાજ્યના વિવિધ વિભાગોના સચિવો</u>નો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ ટાસ્ક ફોર્સ દ્વારા નીચેની બાબતો અંગે વિચાર વિમર્શ કરીને <u>31 જુલાઈ, 2020</u> સુધીમાં પોતાનો રિપોર્ટ રજૂ કરવામાં આવશે.

  (1) **વિવાહ તથા માતૃત્વની ઉંમર**
  (2) **માંનું આરોગ્ય અને પોષણની સ્થિતિ**
  (3) **બાળ મૃત્યુ દર, માતૃ મૃત્યુ દર, કુલ પ્રજનન દર**
  (4) **છોકરીઓમાં ઉચ્ચશિક્ષણનું પ્રમાણ વધારવું**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મહત્વની Comprehensive Strategic Partnership સહિત 9 સમજૂતી પર હસ્તાક્ષર

4 જૂન, 2020ના રોજ <u>ભારતના વડાપ્રધાન</u> <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u> અને <u>ઓસ્ટ્રેલિયા</u>ના વડાપ્રધાન <u>શ્રી સ્કોટ મોરિસન</u> વચ્ચે <u>પ્રથમ</u> <u>વર્ચ્યુઅલ દ્વિપક્ષીય સમિટ</u>નું આયોજન થયું હતું.

- આ પ્રસંગે ભારત અને ઓસ્ટ્રેલિયા દ્વારા <u>'Shared Vision for Maritime Cooperation in the Indo-Pacific'</u> નામથી એક <u>સંયુક્ત દસ્તાવેજ</u> પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.
- આ સમિટમાં <u>ભારત અને ઓસ્ટ્રેલિયા</u> વચ્ચે કુલ <u>9 સમજૂતી કરારો</u> પર હસ્તાક્ષર થયા હતા.
- જેમાંથી કેટલાક મહત્ત્વના કરારો આ પ્રમાણે છે :

### (1) Comprehensive Strategic Prtnership (CSP)

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાયેલી આ સમિટમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની વર્ષ <u>2009</u>ની <u>દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારી</u>ને આગળ વધારીને તેને <u>Comprehensive Strategic Partnership-CSP (વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી)</u>નું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

- આ અંતર્ગત ભારત અને ઓસ્ટ્રેલિયા દ્વારા **'2 + 2 ડાયલોગ'**ને **સચિવ સ્તરે**થી આગળ વધારીને **મંત્રી સ્તર** સુધી લઈ જવામાં આવ્યો છે.
- આ અંતર્ગત હવે પછી ભારત અને ઓસ્ટ્રેલિયાના **વિદેશ મંત્રી અને સંરક્ષણ મંત્રી** ઓછામાં ઓછા **દર બે વર્ષે** એક વખત મળશે અને વ્યૂહાત્મક મુદ્દાઓ અંગે ચર્ચા કરશે.
- આ સાથે જ **ક્વાડ**ના તમામ દેશો સાથે ભારતની મંત્રી સ્તરીય 2+2 ડાયલોગની વ્યવસ્થાનો પ્રારંભ થઈ ગયો છે.
- ભારત અને ક્વાડના અન્ય સભ્યો **અમેરિકા અને જાપાન** વચ્ચે મંત્રી સ્તરીય 2+2 ડાયલોગની વ્યવસ્થા અગાઉથી જ અમલમાં છે.

## ક્વાડ (QUAD)

**ક્વાડ** એ વિશ્વના **ચાર લોકશાહી દેશો**નું એક ગ્રૂપ છે.

- ક્વાડ દેશોના ચાર સભ્યોમાં **ભારત, ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને જાપાન**નો સમાવેશ થાય છે.
- **QUAD**ને **QSD** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેનું પૂરું નામ **Quadrilateral Security Dialogue** છે.
- તેની સ્થાપના વર્ષ **2007-2008**માં થઈ હતી.
- **ક્વાડ** એ **Inter-Governmental Security Forum (આંતર-સરકારી સુરક્ષા મંચ)** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (2) Mutual Logistics Support Agreement (MLSA)

આ સમિટમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મહત્ત્વના **'Mutual Logistics Support Agreement- MLSA' (પરસ્પર સૈન્ય-તંત્ર સહયોગ સમજૂતી)** પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- આ સમજૂતી દ્વારા બંને દેશોની સેનાઓ એક બીજાના **Military Base (લશ્કરી થાણા)**નો ઉપયોગ કરી શકશે.
- આ કરાર અંતર્ગત **ભારત અને ઓસ્ટ્રેલિયા** એકબીજાના મિલિટરી બેઝ ખાતે મિલિટરી જહાજો અને યુદ્ધવિમાનોને ઈંધણ લેવાની અને મેન્ટેનન્સ કરવાની સુવિધા આપશે.
- આ અગાઉ ભારતે **અમેરિકા** સાથે વર્ષ **2016**માં આ પ્રકારની સમજૂતી **'Logistics Exchange Memorandum of Agreement' (LEMOA)** પર હસ્તાક્ષર કર્યા હતા.

**નોંધ :** ભારત દ્વારા **ઓસ્ટ્રેલિયા** અને **અમેરિકા** ઉપરાંત કેટલાક અન્ય દેશો **ફ્રાન્સ, સિંગાપુર અને દક્ષિણ કોરિયા** સાથે પણ આ પ્રકારની સમજૂતી કરવામાં આવી છે.

## (3) અન્ય સમજૂતી

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે થયેલી કેટલીક અન્ય સમજૂતીઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

- 2006માં સ્થપાયેલા Australia-India Strategic Research Fund (AISRF) અંતર્ગત સહયોગ વધારવા માટે સમજૂતી.
- ડિજિટલ ઈકોનોમી, સાઈબર સુરક્ષા અને અન્ય અગત્યની નવી ટેક્નોલોજીના ક્ષેત્રમાં સાથે મળીને કાર્ય કરવાની સમજૂતી.
- મહત્ત્વની અને વ્યૂહાત્મક ખનીજોના ખાણકામ અને તેની પ્રક્રિયાના ક્ષેત્રમાં સહયોગ અંગેના કરાર પર હસ્તાક્ષર.
- કૃષિ તથા જળ સંસાધન મેનેજમેન્ટ માટે કરાર.
- ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્ષ 2015થી સ્થગિત Comprehensive Economic Cooperation Agreement- CECA (વ્યાપક આર્થિક સહકાર સમજૂતી) અંગે ફરીથી વાતચીત શરૂ કરવા માટે સહમતી.
- જાહેર વહીવટ અને શાસનમાં સુધારણા અંગે સહયોગ માટે કરાર.
- વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમમાં સહયોગ અંગે કરાર.

**નોંધ :** ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાયેલી આ સમિટ કોરોના મહામારી દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોઈ વિદેશી નેતા સાથે યોજેલી પ્રથમ દ્વિપક્ષીય ઓનલાઈન સમિટ હતી.

## ➢ QS World University Ranking 2021માં ભારતની શિક્ષણ સંસ્થાઓમાં IIT બોમ્બે સતત ત્રીજા વર્ષે પ્રથમ

તાજેતરમાં QS World University Ranking 2021 અંતર્ગત વિશ્વની શ્રેષ્ઠ 1000 શૈક્ષણિક સંસ્થાઓની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

- વિશ્વની શ્રેષ્ઠ 1000 સંસ્થાઓની આ યાદીમાં ભારતની કુલ 21 સંસ્થાઓનો સમાવેશ થયો છે.
- જેમાંથી આ રેન્કિંગમાં ભારતની શિક્ષણ સંસ્થાઓમાં IIT બોમ્બે સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે છે.
- આ રેન્કિંગમાં IIT બોમ્બે 172મા ક્રમે છે.
- IIT બોમ્બે બાદ Indian Institute of Science, બેંગાલુરૂ 185મા ક્રમે છે.
- જ્યારે IIT દિલ્હી 193મા ક્રમે છે.
- આ રેન્કિંગમાં અમેરિકાની Massachusetts Institute of Technology (MIT) પ્રથમ ક્રમે છે.
- અમેરિકાની MIT બાદ અમેરિકાની જ Stanford University આ રેન્કિંગમાં બીજા ક્રમે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

| QS World University Ranking 2021 | | |
|---|---|---|
| **Rank** | **Institute** | **Country** |
| 1 | Massachusetts Institute of Technology (MIT) | USA |
| 2 | Stanford University | USA |
| 3 | Harvard University | USA |
| 172 | IIT Bombay | India |
| 185 | Indian Institute of Science, Bengaluru | India |
| 193 | IIT Delhi | India |
| 275 | IIT Madras | India |

**નોંધ :** (1) બ્રિટનની <u>QS (Quacquarelli Symonds) Limited</u> નામની કંપની દ્વારા વર્ષ <u>2004</u>થી <u>દર વર્ષે</u> આ રેન્કિંગ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(2) તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગની શ્રેષ્ઠ 1000 સંસ્થાઓની યાદીમાં ભારતની <u>IIT હૈદરાબાદ</u>નો <u>પ્રથમ વખત</u> સમાવેશ થયો છે.

## ICE Questions

1. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં પોષણ સ્તરમાં સુધારા કરવા માટે કોની અધ્યક્ષતામાં એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે ?
   (A) સુશ્રી મેનકા ગાંધી (B) સુશ્રી જયા પ્રદા
   (C) સુશ્રી જયા જેટલી (D) સુશ્રી સ્મૃતિ ઈરાની **(C)**

2. 4 જૂન 2020ના રોજ ભારત અને કયા દેશ વચ્ચે પ્રથમ વર્ચ્યુઅલ દ્વિપક્ષીય સમિટનું આયોજન થયું હતું ?
   (A) રશિયા (B) ઓસ્ટ્રેલિયા (C) ફ્રાન્સ (D) જાપાન **(B)**

3. જૂન 2020 દરમિયાન ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાયેલી પ્રથમ વર્ચ્યુઅલ સમિટમાં ભારત–ઓસ્ટ્રેલિયા વચ્ચે કેટલા સમજૂતી કરારો પર હસ્તાક્ષર થયા છે ?
   (A) 5 (B) 7 (C) 9 (D) 10 **(C)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

4. જૂન 2020 દરમિયાન ભારત અને કયા દેશ વચ્ચે 'કોમ્પ્રિહેન્સિવ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ' (CSP) કરાર પર હસ્તાક્ષર થયા છે ?

(A) રશિયા (B) ઓસ્ટ્રેલિયા (C) ફ્રાન્સ (D) જાપાન **(B)**

5. જૂન 2020 દરમિયાન ભારત અને કયા દેશ વચ્ચે મ્યુચ્યુઅલ લોજિસ્ટિક્સ સપોર્ટ એગ્રિમેન્ટ (MLSA) પર હસ્તાક્ષર થયા છે ?

(A) રશિયા (B) ઓસ્ટ્રેલિયા (C) ફ્રાન્સ (D) જાપાન **(B)**

6. તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે થયેલા કયા કરાર અંતર્ગત ભારત અને ઓસ્ટ્રેલિયાની સેનાઓ એક બીજાના મિલિટરી બેઝનો ઉપયોગ કરી શકશે ?

(A) CSP (B) LEMOA (C) MLASA (D) MLSA **(D)**

7. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા QS World University Ranking 2021માં જાહેર થયેલી વિશ્વની શ્રેષ્ઠ 1000 સંસ્થાઓની યાદીમાં ભારતની કુલ કેટલી સંસ્થાઓનો સમાવેશ થયો છે ?

(A) 20 (B) 21 (C) 22 (D) 23 **(B)**

8. QS World University Ranking 2021માં ભારતની શિક્ષણ સંસ્થાઓમાં કઈ સંસ્થા પ્રથમ ક્રમે છે ?

(A) IIT બોમ્બે (B) IIT દિલ્હી (C) IIT મદ્રાસ (D) IIT બેંગાલુરૂ **(A)**

9. QS World University Ranking 2021માં IIT બોમ્બે કયા ક્રમે છે ?

(A) 152 (B) 162 (C) 172 (D) 182 **(C)**

10. QS World University Ranking 2021માં જાહેર થયેલી વિશ્વની શ્રેષ્ઠ 1000 શિક્ષણ સંસ્થાઓની યાદીમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?

(A) સ્ટેનફોર્ડ યુનિવર્સિટી

(B) હાર્વર્ડ યુનિવર્સિટી

(C) ઓક્સફોર્ડ યુનિવર્સિટી

(D) મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી અથવા તો MIT **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11 JUNE, 2020 THURSDAY**

## ➤ ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે RBI દ્વારા ભારતમાં રૂ. 500 કરોડના Payments Infrastructure Development Fundની રચના

Reserve Bank of India (RBI) દ્વારા તાજેતરમાં ભારતમાં રૂ. 500 કરોડના Payments Infrastructure Development Fund (PIDF)ની રચના કરવામાં આવી છે.

- ભારતમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે RBI દ્વારા આ ફંડની રચના કરવામાં આવી છે.
- આ ફંડની મદદથી ભારતમાં ટિયર-IIIથી ટિયર-VI શહેરો તથા પૂર્વોત્તરના રાજ્યોમાં Point of Sale (PoS) સંબંધિત માળખુ સ્થાપવામાં મદદ કરવામાં આવશે.
- આ ફંડની મદદથી દેશભરના નાના વેપારીઓને ડિજિટલ પેમેન્ટ સ્વીકારવા માટે સક્ષમ બનાવવામાં આવશે.
- ભારતમાં મોટાભાગના PoS ટર્મિનલ ટિયર I અને ટિયર II શહેરોમાં જ આવેલા છે.
- જ્યારે બાકીના શહેરો તથા વિસ્તરોમાં તેનો અભાવ જોવા મળે છે. આથી, અન્ય શહેરોમાં આ સુવિધા વિકસાવવા આ ફંડની રચના કરવામાં આવી છે.

### ટિયર I થી ટિયર VI

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા ભારતના વિવિધ શહેરોને વસતીને આધારે ટિયર I થી ટિયર VI અંતર્ગત વહેંચવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે :

| ક્રમ | ટિયર | શહેરની વસતી |
|---|---|---|
| 1 | ટિયર I | 1 લાખ કે તેથી વધુ |
| 2 | ટિયર II | 50 હજારથી 99,999 |
| 3 | ટિયર III | 20 હજારથી 49,999 |
| 4 | ટિયર IV | 10 હજારથી 19,999 |
| 5 | ટિયર V | 5 હજારથી 9,999 |
| 6 | ટિયર VI | 5000થી ઓછી |

**નોંધ :** (1) રૂ. 500 કરોડના ઉપરોક્ત 'પેમેન્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ'માં RBI પ્રારંભિક યોગદાન તરીકે રૂ. 250 કરોડ આપશે.

(2) જ્યારે બાકીના રૂ. 250 કરોડ અથવા તો બાકીની 50 ટકા રકમ કાર્ડ આપનારી બેન્કો અને દેશમાં સંચાલિત કાર્ડ નેટવર્કો દ્વારા આપવામાં આવશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➢ ભારતમાં સ્નાતક વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપની સુવિધા આપવા TULIP પ્રોગ્રામ લોન્ચ

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં **The Urban Learning Internship Programme (TULIP)** લોન્ચ કરવામાં આવ્યો છે.

- આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં **સ્નાતક વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપની સુવિધા** ઉપલબ્ધ કરાવવાનો છે.
- આથી, આ કાર્યક્રમ અંતર્ગત ભારતમાં સ્નાતક સ્તરનું શિક્ષણ પૂરું કરી ચૂકેલા વિદ્યાર્થીઓને દેશભરની **'શહેરી લોકલ બોડીઝ' અને સ્માર્ટ સિટી યોજનાઓમાં** ઈન્ટર્નશિપ કરવાની તક મળશે.
- આ ઈન્ટર્નશિપનો સમયગાળો **8 વીકથી લઈને 1 વર્ષ** સુધીનો રહેશે.
- એક અંદાજ અનુસાર **પ્રથમ વર્ષ**માં આ કાર્યક્રમ અંતર્ગત આશરે **25000** જેટલા વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપની તક મળશે.
- આ કાર્યક્રમના માધ્યમથી ભારતમાં વિદ્યાર્થીઓને વ્યાવહારિક પરિસ્થિતિમાં કાર્ય કરવાનો અનુભવ મળશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કઈ સંસ્થા દ્વારા આ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

**TULIP** એ આ પ્રકારનો ભારતનો **પ્રથમ કાર્યક્રમ** છે.

- ભારતમાં કેન્દ્ર સરકારના **આવાસ અને શહેરી બાબતો અંગેના મંત્રાલય (MoHUA)** અને **All India Council for Technical Education (AICTE)** દ્વારા સંયુક્ત રીતે **5 વર્ષ**નો આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

### કયા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે ?

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વિદ્યાર્થી માટે બે શરતો નક્કી કરવામાં આવી છે :

(1) **તે ભારતનો નાગરિક હોવો જોઈએ અને**

(2) **તેણે છેલ્લા 18 મહિનામાં કોલેજના છેલ્લા વર્ષની પરીક્ષા આપી હોવી જોઈએ.**

**નોંધ :** આ કાર્યક્રમ દ્વારા ભારતમાં વિદ્યાર્થીઓને 4400 જેટલી શહેરી લોકલ બોડીઝ અને સ્માર્ટ શહેરોના માધ્યમથી ભારતમાં ઈન્ટર્નશિપની મોટી તક ઉપલબ્ધ થશે.

## ➤ ગુજરાતના ગીરના જંગલમાં વસતા એશિયાટિક સિંહોની સંખ્યામાં 29 ટકાનો વધારો



ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર વર્ષ 2020માં ગુજરાતમાં સિંહોની સંખ્યા વધીને 674 થઈ ગઈ છે.

- જ્યારે આ અગાઉ વર્ષ 2015માં હાથ ધરાયેલી સિંહોની ગણતરી અનુસાર ગુજરાતમાં સિંહોની સંખ્યા 523 હતી.
- આમ, વર્ષ 2015ની તુલનાએ વર્ષ 2020માં ગુજરાતમાં સિંહોની સંખ્યામાં 28.87 ટકાનો અથવા તો **આશરે 29 ટકા**નો વધારો થયો છે. જે ગુજરાતમાં સિંહોની સંખ્યામાં નોંધાયેલો અત્યાર સુધીનો સૌથી મોટો વૃદ્ધિદર છે.
- સંખ્યાની દષ્ટિએ જોઈએ તો વર્ષ 2015ની તુલનાએ વર્ષ 2020માં ગુજરાતમાં સિંહોની સંખ્યામાં 151નો વધારો થયો છે.

### ગુજરાતમાં સિંહોની સંખ્યામાં વધારો

ગુજરાતમાં સિંહોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

- જોકે, ગુજરાતમાં એક સમયે સિંહોની વસતી ઘટીને ફક્ત 12 થઈ ગઈ હતી.
- 'કાઠિયાવાડ ગેઝેટિયર' અનુસાર 1884માં ગીરમાં ફક્ત 10થી 12 જ સિંહો બચ્યા હતા.
- ગીરમાં સિંહોની વસતીમાં ઘટાડાનું મુખ્ય કારણ અંગ્રેજો તથા અન્યો દ્વારા થતો સિંહોનો શિકાર હતું.
- 'ગીર ફોરેસ્ટ એન્ડ સાગા ઓફ ધી એશિયાટિક લાયન'માં કરાયેલી નોંધ અનુસાર 1971માં જૂનાગઢના નવાબ મહાબતખાન બીજાએ એ વખતના બોમ્બેના ગવર્નર સર સેયમોર ફિત્ઝગેરાલ્ડને ગીરના જંગલમાં સિંહના શિકાર માટે આમંત્રણ આપ્યું હતું.
- જોકે 1883 બાદ જૂનાગઢના નવાબોએ સિંહોના સંરક્ષણ માટે હાથ ધરેલા કાર્યોને કારણે સિંહોની વસતીમાં થતો ઘટાડો બંધ થયો હતો.
- આ અંતર્ગત 1911માં જૂનાગઢના નવાબ રસુલખાનના નિધન બાદ માત્ર 11 વર્ષની કુમળી વયે જૂનાગઢ રિયાસતની લગાન સંભાળનાર પ્રકૃતિ પ્રેમી જૂનાગઢના નવાબ મહાબતખાન ત્રીજાએ સિંહને જૂનાગઢની અસ્મિતા સાથે જોડીને તેમણે સિંહને 'રાજ્યાશ્રય' આપ્યો હતો.
- અને તેમણે સિંહ સહિતના વન્ય પ્રાણીઓના શિકાર પર પ્રતિબંધ મૂક્યો હતો.
- ત્યારબાદ ગુજરાતમાં સિંહોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- તાજેતરમાં સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે **ભારત સરકાર, ગુજરાત સરકાર તથા ગુજરાત વન વિભાગ** દ્વારા હાથ ધરવામાં આવેલી શ્રેષ્ઠ કામગીરીને કારણે પણ ગુજરાતમાં સિંહોની સંખ્યામાં સતત વધારો જોવા મળ્યો છે.

**ગુજરાતમાં સિંહોની સંખ્યા**

| ક્રમ | વર્ષ | સિંહોની સંખ્યા |
|---|---|---|
| 1 | 1884 | 10-12 |
| 2 | 1968 | 177 |
| 3 | 1974 | 180 |
| 4 | 1979 | 205 |
| 5 | 1984 | 239 |
| 6 | 1990 | 284 |
| 7 | 1995 | 304 |
| 8 | 2000 | 327 |
| 9 | 2005 | 359 |
| 10 | 2010 | 411 |
| 11 | 2015 | 523 |
| 12 | 2020 | 674 |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) **જૂનાગઢના નવાબો**ને વન્યજીવની સુરક્ષાને પ્રોત્સાહન આપનાર અને **સિંહોના શિકાર** પર પ્રતિબંધ મૂકનાર **પ્રથમ નવાબ** માનવામાં આવે છે.

(2) ગુજરાતના **ગીર સાસણ**ને **1965**માં **અભયારણ્ય** તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

(3) ત્યારબાદ આઝાદ ભારતમાં સાસણ ગીર વિસ્તાર એશિયાટિક સિંહનું એકમાત્ર નિવાસસ્થાન હોવાથી **1975**માં તેને **આરક્ષિત ક્ષેત્ર** જાહેર કરીને **નેશનલ પાર્ક (રાષ્ટ્રીય ઉદ્યાન)**નો દરજ્જો આપવામાં આવ્યો હતો.

(4) આજે સાસણ ગીર – **ગીર અભયારણ્ય અને ગીર રાષ્ટ્રીય ઉદ્યાન** તરીકે પ્રસિદ્ધ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સિંહોની ગણતરી

ગુજરાતમાં હાલ દર 5 વર્ષે સિંહોની ગણતરી કરવામાં આવે છે.

- સિંહોની ગણતરી માટે અગાઉના સમયમાં સિંહોના પંજાને શોધીને તેને આધારે સિંહોની ગણતરી કરવામાં આવતી હતી.
- જોકે, વર્ષ 2020માં **'પૂનમ અવલોકન'** નામની પદ્ધતિથી સિંહોની ગણતરી કરવામાં આવી છે.
- આ અંતર્ગત 5 જૂન 2020ને પૂનમના રોજ બપોરના 2 વાગ્યાથી બીજા દિવસના બપોરના 2 વાગ્યા સુધી સિંહોનું અવલોકન કરીને આ ગણતરી હાથ ધરવામાં આવી હતી.
- તાજેતરમાં COVID-19ની સ્થિતિને કારણે **'સામાન્ય સિંહ ગણતરી'**ની જગ્યાએ **'પૂનમ અવલોકન'** પદ્ધતિને આધારે સિંહોની ગણતરી કરવામાં આવી હતી.
- 'પૂનમ અવલોકન' અને 'સામાન્ય સિંહ ગણતરી'માં મુખ્ય ફરક એ છે કે 'પૂનમ અવલોકન'ની જગ્યાએ **'સામાન્ય સિંહ ગણતરી'**માં વધારે કર્મચારીઓ ભાગ લે છે.
- આથી, **'સામાન્ય સિંહ ગણતરી'**ને વધારે વિશ્વસનીય માનવામાં આવે છે.
- વર્ષ 2015માં સિંહોની ગણતરીમાં 2000 જેટલા કર્મચારીઓએ ભાગ લીધો હતો. જ્યારે વર્ષ 2020માં આશરે 1400 જેટલા કર્મચારીઓએ ભાગ લીધો હતો.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતમાં સિંહોના વિસ્તારમાં વૃદ્ધિ

વર્ષ 2015માં થયેલી ગણતરી અનુસાર ગુજરાતમાં સિંહોનું વિસ્તરણ ક્ષેત્ર **22,000 ચોરસ કિલોમીટર** હતો.

- જે વર્ષ 2020માં વધીને **30,000 ચોરસ કિલોમીટર** થઈ ગયો છે.
- આમ, વર્ષ 2015ની તુલનાએ વર્ષ 2020માં ગુજરાતમાં સિંહોના વિસ્તરણ ક્ષેત્રમાં 36 ટકાનો વધારો થયો છે.

## એશિયાટિક સિંહ

એશિયાઈ સિંહ એ **બિલાડીકુળનું સૌથી ઊંચું** અને **વાઘ પછીનું સૌથી મોટું** પ્રાણી છે.

- એશિયાઈ સિંહ માત્ર ભારત દેશના ગુજરાત રાજ્યના **સૌરાષ્ટ્ર પ્રદેશ**માં જ જોવા મળે છે.
- એક સમયે એશિયાઈ સિંહો મેસોપોટેમીયા, અરેબિયા, પર્શીયા અને ભારતીય ઉપખંડ સુધી ફેલાયેલા હતા. છેલ્લે

  સિંહની વસતી ઘટતા હવે તેઓ માત્ર **ગીરના જંગલોમાં** જ જોવા મળે છે.

**નોંધ :** હાલના સમયે સિંહ સમગ્ર વિશ્વમાં ફક્ત બે જ જગ્યાએ જોવા મળે છે :
(1) **આફ્રિકામાં** અને (2) **ભારતમાં ગુજરાતના સૌરાષ્ટ્રમાં**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

1. ભારતમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા RBI દ્વારા કુલ કેટલા કરોડના 'પેમેન્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડ' (PIDF)ની રચના કરવામાં આવી છે ?
(A) રૂ. 200 કરોડ (B) રૂ. 250 કરોડ (C) રૂ. 500 કરોડ (D) રૂ. 1000 કરોડ **(C)**

2. ભારતના કયા વિસ્તારોમાં Point of Sale (PoS) સંબંધિત માળખું સ્થાપવા RBI દ્વારા રૂ. 500 કરોડના 'પેમેન્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડ' (PIDF)ની રચના કરવામાં આવી છે ?
(A) ટિયર-Iથી ટિયર-III શહેરો તથા પૂર્વોત્તરના રાજ્યો
(B) ટિયર-Iથી ટિયર-V શહેરો તથા પૂર્વોત્તરના રાજ્યો
(C) ટિયર-IIથી ટિયર-V શહેરો તથા પૂર્વોત્તરના રાજ્યો
(D) ટિયર-IIIથી ટિયર-VI શહેરો તથા પૂર્વોત્તરના રાજ્યો **(D)**

3. ભારતમાં ટિયર-IIIથી ટિયર-VI શહેરો તથા પૂર્વોત્તરના રાજ્યોમાં Point of Sale (PoS) સંબંધિત માળખું સ્થાપવા RBI દ્વારા રૂ. 500 કરોડના કયા ફંડની રચના કરવામાં આવી છે ?
(A) Digital Infrastructure Development Fund
(B) Digital Payments Infrastructure Development Fund
(C) Payments Infrastructure Development Fund
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. ભારતમાં દેશભરની 'શહેરી લોકલ બોડીઝ' અને સ્માર્ટ સિટી યોજનામાં સ્નાતક વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપની સુવિધા આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કયો પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) TALIM (B) TULIP (C) TRAINING (D) TECHNO **(B)**

5. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલા TULIP કાર્યક્રમનું પૂરું નામ શું છે ?
(A) Train Urban Learning Internship Programme
(B) Techno Urban Learning Internship Programme
(C) Technical Urban Learning Internship Programme
(D) The Urban Learning Internship Programme **(D)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

6. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા 'તુલિપ' અથવા તો 'ટ્યૂલિપ' (TULIP) કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
(A) ભારતમાં 'ટ્યૂલિપ'ના ફૂલોની ખેતીને પ્રોત્સાહન આપવું
(B) ભારતમાં COVID-19ની સારવાર માટે 'ટ્યૂલિપ'ના ફૂલોનો ઉપયોગ કરવો.
(C) ભારતમાં સ્નાતક વિદ્યાર્થીઓને નોકરી અપાવવી
(D) ભારતમાં સ્નાતક વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપની સુવિધા અપાવવી. (D)

7. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય અને All India Council for Technical Education (AICTE) દ્વારા સંયુક્ત રીતે 'તુલિપ' અથવા તો 'ટ્યૂલિપ' (TULIP) કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) વિજ્ઞાન અને ટેક્નોલોજી (B) માનવ સંસાધન
(C) આવાસ અને શહેરી બાબતો (D) વાણિજ્ય અને ઉદ્યોગ (C)

8. ગુજરાત વન વિભાગ દ્વારા વર્ષ 2020માં કરવામાં આવેલી ગણતરી અનુસાર ગુજરાતમાં સિંહોની કુલ સંખ્યા કેટલી છે ?
(A) 672 (B) 673 (C) 674 (D) 676 (C)

9. વર્ષ 2015ની તુલનાએ વર્ષ 2020માં ગુજરાતમાં સિંહોની સંખ્યામાં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 26.87 (B) 27.87 (C) 28.87 (D) 29.87 (C)

10. વર્ષ 2015ની તુલનાએ વર્ષ 2020માં ગુજરાતમાં સિંહોની સંખ્યામાં કેટલો વધારો થયો છે ?
(A) 145 (B) 151 (C) 153 (D) 157 (B)

11. વર્ષ 2015ની તુલનાએ વર્ષ 2020માં ગુજરાતમાં સિંહોના ભૌગોલિક વિસ્તારમાં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 29 ટકા (B) 31 ટકા (C) 36 ટકા (D) 38 ટકા (C)

12. વર્ષ 2020માં ગુજરાતમાં સિંહોની સંખ્યા વધીને 674 થઈ ગઈ છે....આ અગાઉ વર્ષ 2015માં થયેલી ગણતરી અનુસાર ગુજરાતમાં સિંહોની સંખ્યા કેટલી હતી ?
(A) 513 (B) 523 (C) 533 (D) 543 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**13.** વર્ષ 2020માં ગુજરાતમાં થયેલી સિંહોની ગણતરીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહોની ગણતરી કરવામાં આવે છે.
2. વર્ષ 2020માં 'પૂનમ અવલોકન' પદ્ધતિથી સિંહોની ગણતરી કરવામાં આવી છે.

**Ans.** (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ

**(A)**




**12 JUNE, 2020 FRIDAY**

## ➤ દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન (World Day Against Child Labour)

સમગ્ર વિશ્વમાં બાળમજૂરીના વિરોધમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષે 12 જૂનના રોજ 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- **આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (International Labour Organization)** દ્વારા 12 જૂનને 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' તરીકે ઉજવવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 12 જૂન, 2002થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2019ની 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની થીમ 'Children Shouldn't Work in Fields, but on dreams !' હતી.
- જ્યારે વર્ષ 2020ની 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની થીમ 'COVID-19 : Protect Children from Child Labour, now more than ever' છે.

**નોંધ :**
(1) ભારતીય બંધારણના અનુચ્છેદ 24 અંતર્ગત બાળમજૂરી પર પ્રતિબંધની જોગવાઈ છે.
(2) ભારતમાં 14 વર્ષથી નીચેના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા પર અને 14 વર્ષથી મોટા અને 18 વર્ષથી નાના તરુણોને જોખમી વ્યવસાય કે પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે.
(3) જેમાં કામે રાખનાર માલિકની તત્કાલ ધરપકડ કરી ગુન્હા બદલ રૂા. 20,000 થી રૂા. 50,000 સુધીનો દંડ અથવા 6 માસથી 2 વર્ષ સુધીની જેલ અથવા બંને સજા થઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ ભારતીય મૂળના અમેરિકન ભૂમિ વૈજ્ઞાનિક ડો. રતન લાલને કૃષિના નોબેલ તરીકે ઓળખાતો વર્ષ 2020નો 'વિશ્વ અન્ન પુરસ્કાર' એનાયત

ભારતીય મૂળના **અમેરિકન** ભૂમિ વૈજ્ઞાનિક ડો. રતન લાલને વર્ષ **2020**નો **'વિશ્વ અન્ન પુરસ્કાર' (World Food Prize)** એનાયત થયો છે.

- **કૃષિ ક્ષેત્રના નોબેલ પુરસ્કાર** તરીકે ઓળખાતો 'વિશ્વ અન્ન પુરસ્કાર' એ **અમેરિકા**માં એનાયત થતો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે.
- ભૂમિની ફળદ્રુપતા જાળવી રાખીને અન્ન ઉત્પાદન કઈ રીતે વધારી શકાય એ અંગે તેમણે શોધેલા ઉપાયો માટે ડો. રતન લાલને આ પુરસ્કાર એનાયત થયો છે.

### ડો. રતન લાલ

ડો. રતન લાલ **ભારતીય મૂળના અમેરિકન ભૂમિ વૈજ્ઞાનિક (Soil Scientist)** છે.

- તેમનો જન્મ 5 સપ્ટેમ્બર 1944ના રોજ હાલના પાકિસ્તાનના **પંજાબ** પ્રાંતના **કરયાલ** ખાતે થયો હતો.
- તેઓ હાલ અમેરિકાની Ohio State universityમાં પ્રોફેસર તરીકે કાર્યરત છે.
- ડો. રતન લાલે જમીનને ફળદ્રુપ રાખવા માટે વિકસાવેલી ટેક્નિકને કારણે સમગ્ર વિશ્વના કરોડો ખેડૂતોને લાભ થયો છે.
- તેમણે આ અંગે વિશ્વના ચાર ખંડોમાં 50 વર્ષથી વધુ સમય કાર્ય કર્યું છે.

**નોંધ :** ડો. રતન લાલને આ અગાઉ વર્ષ **2018**માં **Glinka World Soil Prize** અને વર્ષ **2019**માં **Japan Prize** પણ એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### World Food Prize

વિશ્વમાં ખોરાકની ગુણવત્તા, માત્રા અથવા તો તેની ઉપલબ્ધતામાં સુધારો કરીને માનવ વિકાસને પ્રોત્સાહન આપનાર વ્યકિતને આ પુરસ્કાર એનાયત થાય છે.

- આ આંતરરાષ્ટ્રીય પુરસ્કારનો પ્રારંભ **1987**માં થયો હતો.
- **1987**માં સૌપ્રથમ ભારતમાં **'હરિયાળી ક્રાંતિના પિતા'** તરીકે પ્રસિદ્ધ **શ્રી એમ. એસ. સ્વામિનાથન**ને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને **2,50,000 અમેરિકન ડોલર**ની રકમ ઈનામ તરીકે આપવામાં આવે છે.

**નોંધ :** **શ્રી એમ. એસ. સ્વામિનાથન (1987)** ઉપરાંત **ડો. વર્ગીસ કુરિયન (1989), ડો. ગૌરવ ખુશ (1996)** વગેરે જેવા અનેક ભારતીયને આ પુરસ્કાર એનાયત થયો છે.

## ➤ NIRF India Rankings 2020 : ભારતની મેનેજમેન્ટ સંસ્થાઓમાં IIM અમદાવાદ પ્રથમ

ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 'National Institutional Ranking Framework' (NIRF) અંતર્ગત વર્ષ 2016થી ભારતની શિક્ષણ સંસ્થાઓને વિવિધ કેટેગરીમાં રેન્કિંગ્સ આપવામાં આવે છે.

- આ અંતર્ગત તાજેતરમાં 11 જૂન 2020ના રોજ નવી દિલ્હી ખાતે ભારતના માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ 'નિશંકે' India Rankings 2020ની જાહેરાત કરી હતી.
- જેમાં કુલ 10 કેટેગરીમાં ભારતની શિક્ષણ સંસ્થાઓને રેન્ક આપવામાં આવ્યા છે.
- આ રેન્કિંગમાંથી ઓવરઓલ કેટેગરીમાં ભારતની સૌથી શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં IIT મદ્રાસ પ્રથમ ક્રમે છે.
- જ્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગાલુરુ બીજા અને IIT દિલ્હી ત્રીજા ક્રમે છે.
- આ રેન્કિંગમાં ભારતની સૌથી શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં ગુજરાતની ફક્ત બે જ સંસ્થાઓનો સમાવેશ થયો છે.
- જેમાં IIT ગાંધીનગર 35મા અને ગુજરાત યુનિવર્સિટી 60મા ક્રમે છે.
- જ્યારે આ રેન્કિંગમાં મેનેજમેન્ટ કેટેગરીમાં ગુજરાતની IIM અમદાવાદ પ્રથમ ક્રમે છે.

**India Rankings 2020 : Top 100 in Over All**
**(ભારતની 100 સૌથી શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓ)**

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Technology Madras, Chennai | Tamil nadu |
| 2 | Indian Institute of Science, Bengaluru | Karnataka |
| 3 | Indian Institute of Technology Delhi | Delhi |
| 4 | Indian Institute of Technology Bombay, Mumbai | Maharashtra |
| 5 | Indian Institute of Technology Kharagpur | West Bengal |
| 35 | Indian Institute of Technology Gandhinagar | Gujarat |
| 60 | Gujarat University, Ahmedabad | Gujarat |

ઓવરઓલ ઉપરાંત અન્ય 9 કેટેગરીમાં પ્રથમ ક્રમે રહેલી ભારતની શિક્ષણ સંસ્થાઓ અને જે તે કેટેગરીમાં સમાવેશ પામેલી ગુજરાતની શિક્ષણ સંસ્થાઓના નામ નીચે પ્રમાણે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## India Rankings 2020 : Top 100 Universities
## (ભારતની શ્રેષ્ઠ 100 યુનિવર્સિટી)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Science, Bengaluru | Karnataka |
| 2 | Jawaharlal Nehru University, New Delhi | Delhi |
| 3 | Banaras Hindu University, Varanasi | Uttar Pradesh |
| 44 | Gujarat University, Ahmedabad | Gujarat |

## India Rankings 2020 : Top 200 in Engineering
## (ભારતની શ્રેષ્ઠ 200 એન્જિનિયરિંગ સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Technology Madras, Chennai | Tamil Nadu |
| 24 | Indian Institute of Technology Gandhinagar | Gujarat |
| 54 | Sardar Vallabhbhai National Institute of Technology, Surat | Gujarat |
| 111 | Dhirubhai Ambani Institute of Information and Communication Technology, Gandhinagar | Gujarat |
| 116 | Maharaja Sayajirao University of Baroda, Vadodara | Gujarat |
| 131 | Nirma University, Ahmedabad | Gujarat |
| 177 | Pandit Deendayal Petroleum University, Gandhinagar | Gujarat |
| 193 | Dharmsinh Desai University, Nadiad | Gujarat |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## India Rankings 2020 : Top 75 In Management
## (ભારતની શ્રેષ્ઠ 75 મેનેજમેન્ટ સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Management, Ahmedabad | Gujarat |
| 44 | Nirma University, Ahmedabad | Gujarat |
| 72 | Institute of Rural Management, Anand | Gujarat |
| 74 | Pandit Deendayal Petroleum University, Gandhinagar | Gujarat |

## India Rankings 2020 : Top 75 In Pharmacy
## (ભારતની શ્રેષ્ઠ 75 ફાર્મસી સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Jamia Hamdard, New Delhi | Delhi |
| 8 | National Institute of Pharmaceutical Education and Research, Gandhinagar | Gujarat |
| 14 | Maharaja Sayajirao University of Baroda, Vadodara | Gujarat |
| 17 | Nirma University, Ahmedabad | Gujarat |
| 45 | L. M. College of Pharmacy, Ahmedabad | Gujarat |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## India Rankings 2020 : Top 100 Colleges
## (ભારતની શ્રેષ્ઠ 100 કોલેજો)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Miranda House, Delhi | Delhi |
| 2 | Lady Shri Ram College for Women, Delhi | Delhi |
| 3 | Hindu College, Delhi | Delhi |
| 24 | P. D. Patel Institute of Applied Sciences, Changa | Gujarat |
| 59 | St. Xavier's College, Ahmedabad | Gujarat |

## India Rankings 2020 : Top 40 In Medical
## (ભારતની શ્રેષ્ઠ 40 મેડિકલ સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | All India Institute of Medical Sciences, New Delhi | Delhi |

(આ કેટેગરીમાં ગુજરાતની એક પણ શિક્ષણ સંસ્થાનો સમાવેશ થયો નથી)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## India Rankings 2020 : Top 20 In Law
## (ભારતની શ્રેષ્ઠ 20 કાયદાના અભ્યાસ અંગેની સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | National Law School of India University, Bengaluru | Karnataka |
| 7 | Gujarat National Law University, Gandhinagar | Gujarat |

## India Rankings 2020 : Top 20 In Architecture
## (ભારતની શ્રેષ્ઠ 20 આર્કિટેક્ચર સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Technology Kharagpur | West Bengal |
| 4 | Centre for Environmental Planning and Technology University, Ahmedabad | Gujarat |

## India Rankings 2020 : Top 30 In Dental
## (ભારતની શ્રેષ્ઠ 30 ડેન્ટલ સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Maulana Azad Institute of Dental Sciences, Delhi | Delhi |

(આ કેટેગરીમાં ગુજરાતની એક પણ શિક્ષણ સંસ્થાનો સમાવેશ થયો નથી.)

**નોંધ : (1)** NIRF India Rankings અંતર્ગત વર્ષ 2019માં કુલ 9 કેટેગરીમાં ભારતની શિક્ષણ સંસ્થાઓને રેન્ક આપવામાં આવ્યા હતા.

**(2)** જ્યારે વર્ષ 2020માં 10 કેટેગરીમાં આ રેન્કીંગ આપવામાં આવ્યા છે.

**(3)** જેમાં 10મી નવી કેટેગરી તરીકે 'Dental' (ડેન્ટલ)નો સમાવેશ કરવામાં આવ્યો છે.

## કયા માપદંડને આધારે આ રેન્ક આપવામાં આવે છે ?

ભારતમાં વિવિધ શિક્ષણ સંસ્થાઓને 5 માપદંડોને આધારે આ રેન્ક આપવામાં આવે છે.

- આ પાંચ માપદંડોમાં નીચેના માપદંડોનો સમાવેશ થાય છે :

(1) શિક્ષણ, અધ્યયન અને સંસાધન

(2) સંશોધન અને વ્યાવસાયિક પ્રેક્ટિસ

(3) સ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા

(4) સુલભ અને સમાવિષ્ટ

(5) પર્સેપ્શન (ધારણા)

**નોંધ : (1)** ભારતમાં વર્ષ 2016થી આ રેન્કીંગનો પ્રારંભ થયો છે.

**(2)** વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલી આ તેની સતત પાંચમી આવૃત્તિ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

## ICE Questions

**1.** 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 જૂન (B) 11 જૂન (C) 12 જૂન (D) 13 જૂન **(C)**

**2.** વર્ષ 2020ની 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની થીમ શું છે ?

(A) COVID-19 : Protect Children from Corona, now more than ever

(B) COVID-19 : Protect Children from Coronavirus, now more than ever

(C) COVID-19 : Protect Children from Child Labour, now more than ever

(D) COVID-19 : Protect Children from Infections, now more than ever **(C)**

**3.** સમગ્ર વિશ્વમાં 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણીનો પ્રારંભ ક્યારથી થયો છે ?

(A) 2000 (B) 2001 (C) 2002 (D) 2003 **(C)**

**4.** ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત બાળમજૂરી પર પ્રતિબંધની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 12 (B) અનુચ્છેદ 14 (C) અનુચ્છેદ 22 (D) અનુચ્છેદ 24 **(D)**

**5.** ભારતમાં કેટલી ઉંમરના તરુણોને જોખમી વ્યવસાય કે પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે ?

(A) 12 થી 16 વર્ષ (B) 14 થી 16 વર્ષ (C) 14 થી 17 વર્ષ (D) 14 થી 18 વર્ષ **(D)**

**6.** ભારતમાં કેટલા વર્ષથી નીચેના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા પર પ્રતિબંધ છે ?

(A) 14 વર્ષ (B) 15 વર્ષ (C) 16 વર્ષ (D) 17 વર્ષ **(A)**

**7.** ભારતીય મૂળના કયા અમેરિકન ભૂમિ વૈજ્ઞાનિકને વર્ષ 2020નો 'વિશ્વ અન્ન પુરસ્કાર' અથવા 'વિશ્વ ખોરાક પુરસ્કાર' અથવા તો 'વર્લ્ડ ફૂડ પ્રાઈઝ' એનાયત થયો છે ?

(A) ડૉ. રતન લાલ (B) ડૉ. રમણ લાલ

(C) ડૉ. રમેશ લાલ (D) ડૉ. અરૂણ લાલ **(A)**

**8.** તાજેતરમાં ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા India Rankings 2020 અથવા તો NIRF India Rankings 2020 અનુસાર ઓવરઓલ કેટેગરીમાં ભારતની શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?

(A) IIT દિલ્હી (B) IIT મદ્રાસ

(C) IIT ગાંધીનગર (D) IIT બોમ્બે **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2020માં ઓવરઓલ કેટેગરીની ભારતની સૌથી શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં IIT ગાંધીનગર કયા ક્રમે છે ?
(A) 10મા (B) 25મા (C) 35મા (D) 60મા **(C)**

10. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2020માં ઓવરઓલ કેટેગરીની ભારતની સૌથી શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં ગુજરાતની કઈ બે શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થયો છે ?
(A) IIT ગાંધીનગર અને IIM અમદાવાદ
(B) IIT ગાંધીનગર અને નિરમા યુનિવર્સિટી અમદાવાદ
(C) IIT ગાંધીનગર અને MS યુનિવર્સિટી વડોદરા
(D) IIT ગાંધીનગર અને ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ **(D)**

11. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2020માં ભારતની શ્રેષ્ઠ 100 યુનિવર્સિટીઓમાં કઈ યુનિવર્સિટી પ્રથમ ક્રમે છે ?
(A) ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ, બેંગાલુરુ
(B) શ્રી જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, નવી દિલ્હી
(C) બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
(D) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2020માં ભારતની શ્રેષ્ઠ 100 યુનિવર્સિટીઓમાં ગુજરાતની એક માત્ર કઈ યુનિવર્સિટીનો સમાવેશ થયો છે ?
(A) ગુજરાત યુનિવર્સિટી (B) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
(C) આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી (D) નિરમા યુનિવર્સિટી **(A)**

13. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2020માં ભારતની શ્રેષ્ઠ 200 એન્જિનિયરિંગ સંસ્થાઓમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?
(A) IIT મદ્રાસ (B) IIT દિલ્હી (C) IIT બોમ્બે (D) IIT કાનપુર **(A)**

14. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2020માં ભારતની શ્રેષ્ઠ 75 મેનેજમેન્ટ સંસ્થાઓમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?
(A) IIM બેંગાલુરુ (B) IIM અમદાવાદ (C) IIM લખનૌ (D) IIM કોલકાતા **(B)**

**15.** તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2020માં ભારતની શ્રેષ્ઠ 100 કોલેજોમાં પ્રથમ ક્રમે કઈ કોલેજ છે ?

(A) મિરાન્ડા હાઉસ, દિલ્હી
(B) હિન્દુ કોલેજ, દિલ્હી
(C) પ્રેસિડેન્સી કોલેજ, ચેન્નાઈ
(D) હંસરાજ કોલેજ, દિલ્હી

**(A)**

---

**16.** NIRF India Rankings 2020માં ભારતની શ્રેષ્ઠ 30 ડેન્ટલ સંસ્થાઓમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?

(A) SRM ડેન્ટલ કોલેજ
(B) મૌલાના આઝાદ ઈન્સ્ટિટયૂટ ઓફ ડેન્ટલ સાયન્સ
(C) નાયર હોસ્પિટલ ડેન્ટલ કોલેજ
(D) મણિપાલ કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ

**(B)**

---

**17.** NIRF India Rankings અંતર્ગત વર્ષ 2020માં કુલ કેટલી કેટેગરીમાં ભારતની શિક્ષણ સંસ્થાઓને રેન્ક આપવામાં આવ્યા છે ?

(A) 8
(B) 9
(C) 10
(D) 12

**(B)**

---

**18.** NIRF India Rankings 2020 અંતર્ગત પ્રથમ વખત નવી કઈ કેટેગરીની શિક્ષણ સંસ્થાઓને રેન્ક આપવામાં આવ્યા છે ?

(A) ફાર્મસી
(B) એગ્રિકલ્ચર
(C) મેડિકલ
(D) ડેન્ટલ

**(D)**

---

**19.** ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલા India Rankings 2020 અથવા તો NIRF India Rankings 2020ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા આ રેન્કિંગ પ્રસિદ્ધ કરવામાં આવે છે.
2. વર્ષ 2020માં તેની પાંચમી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવી છે.
3. વિવિધ 5 માપદંડોને આધારે આ રેન્કિંગમાં શિક્ષણ સંસ્થાઓને રેન્ક આપવામાં આવે છે.

**Ans.** (A) 1, 2, 3
(B) 1, 3
(C) 1, 2
(D) 2, 3

**(A)**

**13 JUNE, 2020 SATURDAY**

## ➤ FSSAI 'State Food Safety Index, 2019-20'માં ભારતના મોટા રાજ્યોમાં ગુજરાત પ્રથમ

FSSAI એટલે કે Food Safety and Standards Authority of India દ્વારા તાજેતરમાં ભારતમાં 'State Food Safety Index, 2019-20' (રાજ્ય અન્ન સુરક્ષા સૂચકાંક, 2019-20) પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં અન્ન સુરક્ષા અંગેના 5 માપદંડોને આધારે ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને જુદી જુદી 3 કેટેગરીમાં રેન્ક આપવામાં આવ્યો છે.
- જેમાં ભારતના મોટા રાજ્યોમાં કુલ 100માંથી 78.25ના સ્કોર સાથે ગુજરાત પ્રથમ ક્રમે છે.
- ગુજરાત બાદ તમિલનાડુ બીજા અને મહારાષ્ટ્ર ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારતના મોટા રાજ્યોમાં ઝારખંડ અંતિમ 20મા ક્રમે છે.

### State Food Safety Index, 2019-20માં ભારતના 20 મોટા રાજ્યોનો Rank

| Rank | State |
|---|---|
| 1 | ગુજરાત |
| 2 | તમિલનાડુ |
| 3 | મહારાષ્ટ્ર |
| 4 | કેરળ |
| 5 | પંજાબ |
| 18 | આંધ્રપ્રદેશ |
| 19 | આસામ |
| 20 | ઝારખંડ |




**નોંધ :** આ અંતર્ગત ગુજરાત રાજ્યને નવી દિલ્હી ખાતે 'ફૂડ સેફટી એવોર્ડ' પણ એનાયત થયો છે.

### ભારતના નાના રાજ્યોમાં ગોવા પ્રથમ

આ ઈન્ડેક્સમાં ભારતના નાના રાજ્યોમાં ગોવા પ્રથમ ક્રમે છે.

- ગોવા બાદ મણિપુર બીજા અને મેઘાલય ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારતના નાના રાજ્યોમાં મિઝોરમ અંતિમ 8મા ક્રમે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## State Food Safety Index, 2019-20માં ભારતના 8 નાના રાજ્યોનો Rank

| Rank | State |
|---|---|
| 1 | ગોવા |
| 2 | મણિપુર |
| 3 | મેઘાલય |
| 8 | મિઝોરમ |

## ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ચંદીગઢ પ્રથમ

આ ઈન્ડેક્સમાં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ચંદીગઢ પ્રથમ ક્રમે છે.

- ચંદીગઢ બાદ દિલ્હી બીજા અને આંદમાન ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં લક્ષદ્વીપ અંતિમ 8મા ક્રમે છે.

## State Food Safety Index, 2019-20માં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોના Rank

| Rank | Union Territories |
|---|---|
| 1 | ચંદીગઢ |
| 2 | દિલ્હી |
| 3 | આંદમાન |
| 8 | લક્ષદ્વીપ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઈન્ડેક્સના માપદંડ

આ ઈન્ડેક્સમાં અન્ન સુરક્ષા અંગેના નીચેના 5 માપદંડોમાં પ્રદર્શનને આધારે ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને રેન્ક આપવામાં આવ્યો છે :

| ક્રમ | માપદંડ | વેઈટેજ |
|---|---|---|
| 1 | માનવ સંસાધન અને સંસ્થાકીય ડેટા | 20% |
| 2 | અનુપાલન | 30% |
| 3 | ફૂડ ટેસ્ટિંગ સુવિધા | 20% |
| 4 | તાલીમ અને ક્ષમતા નિર્માણ | 10% |
| 5 | ગ્રાહક સશક્તિકરણ | 20% |

## ઈન્ડેક્સનો પ્રારંભ

ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગતના Food Safety and Standards Authority of India (FSSAI) દ્વારા આ ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

- ભારતમાં 7 જૂન, 2019ને પ્રથમ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' (World Food Safety Day)ના રોજ આ ઈન્ડેકસનો પ્રારંભ થયો હતો.
- આ અંતર્ગત 7 જૂન, 2020ને બીજા 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ના રોજ આ બીજો 'સ્ટેટ ફૂડ સેફ્ટી ઈન્ડેક્સ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

**નોંધ :** 'Food Safety' શબ્દ માટે ગુજરાતીમાં 'અન્ન સુરક્ષા' ઉપરાંત 'ખાદ્ય સુરક્ષા' અને 'ખોરાક સુરક્ષા' જેવા શબ્દોનો પણ પ્રયોગ થાય છે.

## ➤ ભારતમાં યુવાનોને આત્મનિર્ભર બનાવવા 'સહકાર મિત્ર' કાર્યક્રમ ('Sahakar Mitra' Programme) લોન્ચ

11 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્ર સિંહ તોમરે 'સહકાર મિત્ર' (Sahakar Mitra) કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો છે.

- 'સહકાર મિત્ર' કાર્યક્રમનું પૂરું નામ 'સહકાર મિત્ર : ઈન્ટર્નશિપ પ્રોગ્રામ માટેની યોજના' (Sahakar Mitra : Scheme on Internship Programme) છે.
- ભારતમાં 'રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ' (National Cooperative Development Corporation-NCDC) નામની સંસ્થા દ્વારા આ પહેલ શરૂ કરવામાં આવી છે.
- આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ ભારતની સહકારી સંસ્થાઓમાં યુવાનોને સવેતન ઈન્ટર્નશિપની સુવિધા ઉપલબ્ધ કરાવીને તેને આત્મનિર્ભર બનાવવાનો છે.
- આ અંતર્ગત ભારતમાં કૃષિ અને તેની સાથે સંકળાયેલા ક્ષેત્રો તેમજ IT જેવા વિષયોના પ્રોફેસનલ 'સ્નાતકો' આ 'ઈન્ટર્નશિપ'નો લાભ લઈ શકશે.
- આ ઉપરાંત કૃષિ-વ્યવસાય, સહયોગ, નાણાં, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, વનીકરણ, ગ્રામીણ વિકાસ, યોજના મેનેજમેન્ટ વગેરે જેવા વિષયોમાં MBA થયેલા અથવા તો MBAમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને પણ આ ઈન્ટર્નશિપનો લાભ મળશે.
- આ અંતર્ગત ઈન્ટર્નશિપ કરનાર દરેક યુવાનોને 4 માસની ઈન્ટર્નશિપ દરમિયાન નાણાકીય સહાય મળશે.

**નોંધ :** આ અંગેની અરજી કરવા માટે ઓનલાઈન પોર્ટલ પણ લોન્ચ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડકેસ, 2019-20'માં ભારતના મોટા રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
   (A) ગુજરાત (B) તમિલનાડુ (C) મહારાષ્ટ્ર (D) કેરળ **(A)**

2. FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડકેસ, 2019-20'માં ભારતના મોટા રાજ્યોમાં અંતિમ ક્રમે કયું રાજ્ય છે ?
   (A) બિહાર (B) ઉત્તરપ્રદેશ (C) છત્તીસગઢ (D) ઝારખંડ **(D)**

3. FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડકેસ, 2019-20'માં ભારતના નાના રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
   (A) મણિપુર (B) સિક્કીમ (C) ગોવા (D) મેઘાલય **(C)**

4. FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડકેસ, 2019-20'માં ભારતના નાના રાજ્યોમાં અંતિમ ક્રમે કયું રાજ્ય છે ?
   (A) મિઝોરમ (B) મેઘાલય (C) મણિપુર (D) ત્રિપુરા **(A)**

5. FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડકેસ, 2019-20'માં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રથમ ક્રમે કયો પ્રદેશ છે ?
   (A) લદાખ (B) ચંદીગઢ (C) દિલ્હી (D) પુડુચેરી **(B)**

6. FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડકેસ, 2019-20'માં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં અંતિમ ક્રમે કયો પ્રદેશ છે ?
   (A) લક્ષદ્વીપ (B) આંદમાન (C) દિલ્હી (D) લદાખ **(A)**

7. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેકસ, 2019-20'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. ભારતમાં FSSAI દ્વારા આ ઈન્ડેકસ પ્રસિદ્ધ કરવામાં આવે છે.
   2. 7 જૂન, 2019ના રોજ ઉજવાયેલા પ્રથમ 'વર્લ્ડ ફૂડ સેફટી દિવસ'થી આ ઈન્ડેકસનો પ્રારંભ થયો છે.
   3. વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા બીજા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડકેસમાં 7 માપદંડોને આધારે રાજ્યોને રેન્ક આપવામાં આવ્યો હતો.

   Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8.** ભારતની સહકારી સંસ્થાઓમાં યુવાનોને સવેતન ઈન્ટર્નશિપની સુવિધા આપવા ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કયો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ?

(A) સેવા મિત્ર (B) સેવા સહકાર
(C) સહકાર મિત્ર (D) સરકાર મિત્ર **(C)**

**9.** ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા 'સહકાર મિત્ર' કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

(A) ભારતની તમામ સહકારી મંડળીઓમાં એક એક સહકાર મિત્રની નિમણૂક કરવી
(B) ભારતમાં તમામ સહકારી વિભાગોમાં સરકારની મદદ માટે એક એક સહકાર મિત્રની નિમણૂક કરવી
(C) ભારતમાં યુવાનોને આત્મનિર્ભર બનાવવા સહકારી સંસ્થાઓમાં સવેતન ઈન્ટર્નશિપની સુવિધા ઉપલબ્ધ કરાવવી.
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10.** ભારતમાં સહકારી સંસ્થાઓમાં યુવાનોને સવેતન ઈન્ટર્નશિપની સુવિધા આપીને તેમને આત્મનિર્ભર બનાવવા કઈ સંસ્થા દ્વારા 'સહકાર મિત્ર' કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

(A) AMIR (B) FSSAI (C) AICTE (D) NCDC **(D)**

**11.** NCDCનું પૂરું નામ શું છે ?

(A) National Corporate Development Corporation
(B) National Cooperate Development Corporation
(C) National Cooperation Development Corporation
(D) National Cooperative Development Corporation **(D)**

**12.** 'સહકાર મિત્ર' કાર્યક્રમ અંતર્ગત ભારતમાં યુવાનોને કેટલા માસની ઈન્ટર્નશિપ દરમિયાન નાણાકીય સહાય આપવામાં આવશે ?

(A) 3 (B) 4 (C) 6 (D) 12 **(B)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે ગુજરાતના અમદાવાદમાં 5 લાખ તુલસીના છોડનું વિતરણ

5 જૂન, 2020ને 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના રોજ ગુજરાતના અમદાવાદ શહેરમાં 5 લાખ તુલસીના છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલા મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ ખાતે તુલસી રથ દ્વારા તુલસી વિતરણ કરવાના આ કાર્યક્રમનું આયોજન થયું હતું. જેનો ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વીડિયો કોન્ફરન્સની મદદથી પ્રારંભ કરાવ્યો હતો.

### ➤ ગુજરાતમાં નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટની સમયમર્યાદામાં 1 વર્ષનો વધારો

ગુજરાતમાં SEBC/OBC વર્ગના વિદ્યાર્થીઓને આપવામાં આવતા નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટની મુદત 1 વર્ષ સુધી વધારવામાં આવી છે. આ અંતર્ગત ગુજરાતમાં 31 માર્ચ 2020ના રોજ પૂરા થતા નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટની મુદત 31 માર્ચ 2021 સુધી વધારી દેવામાં આવી છે.

### ➤ ગુજરાતના વલસાડ જિલ્લાના સરીગામમાં કોરોના પરીક્ષણ માટેની રેપિડ ટેસ્ટ કીટ બનશે

ગુજરાતમાં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે આવેલી GIDCમાં કાર્યરત 'લેબકેર ડાયગ્નોસ્ટીક પ્રાઈવેટ લિમિટેડ' નામની કંપનીને કોવિડ-19 પરીક્ષણ માટેની રેપિડ ટેસ્ટ કીટ બનાવવામાં સફળતા મળી છે. અને આ કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલી રેપિડ ટેસ્ટ કીટને 'ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ' (ICMR) દ્વારા મંજૂરી પણ આપી દેવામાં આવી છે. આથી, હવે આ કંપનીમાં રોજની દોઢ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

લાખ કીટોનું ઉત્પાદન થશે. જેથી આવી કીટ માટે આપણે હવે ચીન ઉપર નિર્ભર રહેવું પડશે નહિ. આ ઉપરાંત કંપની દ્વારા PCR કીટના મેન્યુફેક્ચરિંગ માટે પણ મંજૂરી માંગવામાં આવી છે. જો આ માટે તેને મંજૂરી મળશે તો **લેબકેર ડાયગ્નોસ્ટીક** COVID-19 માટેની **રેપિડ ટેસ્ટ કીટ અને PCR કીટ** એમ બંને કીટ બનાવતી ભારતની **એક માત્ર કંપની** બની જશે.

## ભારત

### ➤ ભારતમાં કેન્દ્ર સરકારના રસાયણ અને ખાતર મંત્રાલય અંતર્ગતની સંસ્થા CIPETના નામમાં પરિવર્તન

ભારતમાં **Central Institute of Plastics Engineering & Technology (CIPET)** નામની સંસ્થાના નામમાં પરિવર્તન કરવામાં આવ્યું છે. તેનું નવું નામ **Central Institute of Petrochemicals Engineering & Technology (CIPET)** છે. ભારતમાં કેન્દ્ર સરકારના **રસાયણ અને ખાતર મંત્રાલય** અંતર્ગત આ સંસ્થા કાર્ય કરે છે.

### ➤ COVID-19 Management Indexમાં ભારતના 10 રાજ્યોમાં રાજસ્થાન પ્રથમ

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં **COVID-19 Management Index** અંતર્ગત COVID-19ના પોઝિટિવ કેસ, સાજા થઈ ગયેલા દર્દીઓની સંખ્યા અને મૃત્યુદર જેવા માપદંડોને આધારે **ભારતના 10 રાજ્યોનું વિશ્લેષણ** કરવામાં આવ્યું હતું. આ ઈન્ડેકસમાં ભારતના 10 રાજ્યોમાં **રાજસ્થાન પ્રથમ** ક્રમે છે.

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી
દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે
ICE DAILY doseના Questions
ડાઉનલોડ કરવા અહીં કલિક કરો
ICE DAILY dose
(દરરોજ 5 વર્તમાન પ્રવાહના MCQ પ્રશ્નો)
Click Here To
DOWNLOAD

ICE Questions

- 5 જૂન, 2020ને 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં 5 લાખ જેટલા તુલસીના છોડના વિતરણનો શુભારંભ કરાવ્યો હતો ? – અમદાવાદ
- ગુજરાતમાં નોન ક્રિમિલેયર સર્ટિફિકેટની મુદતમાં કેટલો વધારો કરવામાં આવ્યો છે ? – 1 વર્ષ
- ગુજરાતમાં નોન ક્રિમિલેયર સર્ટિફિકેટની મુદત 31 માર્ચ 2020થી વધારીને કયાં સુધી કરવામાં આવી છે ? – 31 માર્ચ 2021
- ગુજરાતના કયા જિલ્લાના સરીગામની GIDCમાં કાર્યરત એક કંપનીને COVID-19 પરીક્ષણ માટેની રેપિડ ટેસ્ટ કીટ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે ? – વલસાડ
- ગુજરાતના વલસાડ જિલ્લાના સરીગામમાં આવેલી કઈ કંપનીને ICMR દ્વારા COVID-19 પરીક્ષણ માટેની રેપિડ ટેસ્ટ કીટ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે ?
  – લેબકેર અથવા તો લેબકેર ડાયગ્નોસ્ટીક પ્રાઈવેટ લિમિટેડ
- ભારતમાં કેન્દ્ર સરકારના રસાયણ અને ખાતર મંત્રાલય અંતર્ગત કાર્ય કરતી સંસ્થા 'સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાસ્ટિક્સ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી' (CIPET)નું નામ બદલીને નવું નામ શું રાખવામાં આવ્યું છે ?
  – સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોકેમિકલ્સ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (CIPET)
- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા COVID-19 Management Indexમાં ભારતના રાજ્યોમાં અથવા તો ભારતના 10 રાજ્યોમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ? – રાજસ્થાન

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. 1 એપ્રિલ, 2020ના રોજ ભારત અને કયા દેશના રાજદ્વારી સંબંધોને 70 વર્ષ પૂરા થયા છે ?
– ચીન

2. 1 એપ્રિલ, 2020ના રોજ ભારત અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોને કેટલા વર્ષ પૂરા થયા છે ?
– 70 વર્ષ

3. 'ગુજરાત આત્મનિર્ભર પેકેજ' અંતર્ગત ગુજરાત સરકારે COVID-19ના સામના માટે ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગને 'મુખ્યમંત્રી રાહત નિધિ'માંથી કેટલા રૂપિયા ફાળવ્યા છે ?
– રૂ. 100 કરોડ

4. 'ગુજરાત આત્મનિર્ભર પેકેજ' અંતર્ગત ગુજરાત સરકારે COVID-19ના સામના માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, જામનગર અને ભાવનગર એમ કુલ 7 મહાનગરોને 'મુખ્યમંત્રી રાહત નિધિ'માંથી કેટલા રૂપિયા ફાળવ્યા છે ?
– રૂ. 100 કરોડ

5. 'મુખ્યમંત્રી રાહત નિધિ'માંથી COVID-19ના સામના માટે ગુજરાત સરકારે 'ગુજરાત આત્મનિર્ભર પેકેજ'માં ગુજરાતના આરોગ્ય વિભાગ તથા ગુજરાતના 7 મહાનગરો માટે કુલ કેટલા રૂપિયા ફાળવ્યા છે ?
– રૂ. 200 કરોડ

6. જૂન 2020 દરમિયાન મુખ્યમંત્રી ગૃહ યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના માટે ગુજરાતના કયા શહેરને ગુજરાત સરકારે 50,875 ચોરસ મીટર જમીન ફાળવી છે ?
– સુરત

7. જૂન 2020 દરમિયાન ગુજરાતમાં કચ્છ જિલ્લાના રાપર તાલુકાના કયા ગામમાં ઔદ્યોગિક વસાહત માટે ગુજરાત સરકારે 7.50 લાખ ચોરસ મીટર જમીન GIDCને ફાળવી છે ?
– ચિત્રોડ

8. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતમાં 'સૌની' યોજનાના કયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

તબક્કાનું કાર્ય 15 ઓગસ્ટ 2020 પહેલા પૂર્ણ કરવા સૂચના આપી છે ?

– સૌની યોજનાના ફેઈઝ-2નું

9. કોરોના સામે લડવા માટે વિશેષ તાલીમ પામેલા કોરોના વોરિયર્સની સૌથી વધુ સંખ્યામાં ભારતનું કયું રાજ્ય સમગ્ર દેશમાં અગ્રેસર છે ? – ગુજરાત

10. કોરોના સામે લડવા માટે કોરોના વોરિયર્સને વિશેષ તાલીમ આપવા માટે ગુજરાત સરકારે કયું ઓનલાઈન પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે ? – IGOT દીક્ષા

(IGOT દીક્ષાનું પૂરું નામ 'ઈન્ટિગ્રેટેડ ગવર્નમેન્ટ ઓનલાઈન ટ્રેનિંગ દીક્ષા પ્લેટફોમ' છે. આ પ્લેટફોર્મ પર ગુજરાતમાં કોરોના વોરિયર્સ માટે COVID-19 સંબંધિત વિવિધ 12 જેટલા અભ્યાસક્રમો લોન્ચ કરવામાં આવ્યા છે. જેમાં 'ચેપ નિવારણ દ્વારા P.P.E.', 'ગર્ભાવસ્થાની સંભાળ અને COVID-19', 'સાયકોસોસિઅલ કેર' વગેરે જેવા અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. COVID-19ની વૈશ્વિક મહામારી દરમિયાન ઉદ્દભવેલી વર્તમાન સ્થિતિમાં ગુજરાત રાજ્યમાં આર્થિક નાણાકીય પુનરુત્થાનના સર્વગ્રાહી ઉપાયો સૂચવવા માટે રચાયેલી કઈ સમિતિએ પોતાનો ફાઈનલ રિપોર્ટ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને સુપ્રત કર્યો છે ?

– ડો. હસમુખ અઢિયા કમિટિ

12. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કઈ યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શોધ–સંશોધન કરતા Ph.D.ના 753 વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડની ચૂકવણી કરી છે ? – 'શોધ' યોજના

(શોધ/SHODH યોજનાનું પૂરું નામ Scheme of Developing High Quality Reasearch છે. આ યોજના અંતર્ગત ગુજરાતની યુનિવર્સિટીઓમાં Ph.D. અંતર્ગત સંશોધન કરનારા વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી દર મહિને રૂ. 15,000નું સ્ટાઈપેન્ડ અને આનુષંગિક ખર્ચ માટે વાર્ષિક રૂ. 20 હજાર મળીને બે વર્ષ સુધી દર વર્ષે કુલ 2 લાખની સહાય ગુજરાત સરકાર આપે છે.)

13. COVID-19ની વર્તમાન સ્થિતિમાં ગુજરાતમાં માલવાહક વાહનોને મોટર વ્હિકલ ટેકસ ભરવામાંથી ગુજરાત સરકારે કેટલા મહિના માટે મુકિત આપી છે ? – બે મહિના માટે

14. **COVID-19ની વર્તમાન સ્થિતિમાં ગુજરાતમાં માલવાહક વાહનોને મોટર વ્હિકલ ટેકસ ભરવામાંથી ગુજરાત સરકારે કયા બે મહિના માટે મુકિત આપી છે ?**

**– એપ્રિલ અને મે, 2020 માટે**

15. **ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાતના અમદાવાદ શહેરના કયા બે વિસ્તરોમાં 30 જૂન 2023 સુધી અશાંત ધારો લાગુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?**

**– વટવા અને નારોલ**

16. **ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના અમદાવાદ શહેરના વટવા અને નારોલ વિસ્તારોમાં કયાં સુધી અશાંત ધારો લાગુ કરવાનો  નિર્ણય કરવામાં આવ્યો છે ?** **– જૂન, 2023**

17. **તાજેતરમાં ગુજરાતના કયા નિવૃત્ત સનદી અધિકારીએ પોતાના મહેસૂલી અનુભવોને 'ફાઈલ બોલે છે' નામના પુસ્તક દ્વારા પ્રગટ કર્યા છે ?** **– શ્રી જે. બી. વોરા**

**(શ્રી જે. બી. વોરાના મહેસૂલી અનુભવોને શ્રી રાજ ભાસ્કરની કલમે 'ફાઈલ બોલે છે' નામના ગ્રંથમાં ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે.)**

18. **કોરોના દર્દીની રીઅલ–ટાઈમ ઈન્ફોર્મેશન માટે ગુજરાતની કઈ હોસ્પિટલમાં 'કોવિડ કમાન્ડ કંટ્રોલ ડેશબોર્ડ' કાર્યરત કરવામાં આવ્યું છે ?** **– અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં**

19. **ગુજરાતમાં એપ્રિલ તથા મે 2020 દરમિયાન રાજ્યમાં રજિસ્ટર્ડ ગૌશાળા તથા પાંજરાપોળના પશુઓ માટે ગુજરાત સરકારે પશુદીઠ દૈનિક કેટલા રૂપિયાની સહાય ચૂકવવાની જાહેરાત કરી છે ?** **– રૂ. 25**

20. **ગુજરાતમાં કઈ યોજના દ્વારા સૌરાષ્ટ્રના 25 જળાશયો, 120 તળાવો અને 400થી વધુ ચેક ડેમો નર્મદાના નીરથી ભરવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે ?** **– સૌની યોજના**

21. **ચાલુ વર્ષે ગુજરાતના કયા ગામમાં સૌપ્રથમ વખત તીડ અથવા તો રણતીડ દેખાયા બાદ જૂન 2020 સુધીમાં તે ગુજરાતના 9 જિલ્લાઓમાં જોવા મળ્યા હતા ?**

**– બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના મીઠા વિચારણ ગામમાં**

22. **19 માર્ચ 2020ના રોજ ગુજરાતમાં કોરોના વાઈરસથી સંક્રમિત સૌપ્રથમ બે દર્દીઓ કયા શહેરમાં મળી આવ્યા હતા ?** **– સુરત અને રાજકોટ**

23. **નાનજી દેશમુખ રાષ્ટ્રીય ગૌરવ ગ્રામસભા પુરસ્કાર-2020 પ્રાપ્ત કરીને આ એવોર્ડ જીતનાર**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ગુજરાતનું પ્રથમ ગામ કયું છે ? – તખતગઢ, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા

24. તાજેતરમાં Google Play Store દ્વારા 'Bev Q' નામની એક એપને મંજૂરી આપવામાં આવી હતી.... આ એપનો ઉપયોગ ભારતના કયા રાજ્યમાં દારૂના વિતરણ માટે થશે ?

– કેરળ

25. તાજેતરમાં અમેરિકાની સંસદના નીચલા ગૃહ પ્રતિનિધિ સભા અથવા તો House of Representativesમાં 'Uighur human Rights Bill' નામથી એક બિલ પસાર કરવામાં આવ્યું છે...આ બિલમાં અલ્પસંખ્યક ઉઈગર મુસ્લિમોને બંદી બનાવવાના આરોપસર કયા દેશના અધિકારીઓને દંડ આપવાની માંગ કરવામાં આવી છે ? – ચીન

26. ભારતના મહારાષ્ટ્રમાં રસ્તાઓ સુધારવા માટે ભારત સરકાર અને કઈ વૈશ્વિક સંસ્થા વચ્ચે 177 મિલિયન ડોલરની સમજૂતી પર હસ્તાક્ષર થયા છે ?

– એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB)

27. રાજ્યના નાગરિકોને વધુ સારી આરોગ્ય સુવિધાઓ આપી શકાય તે માટે ભારતના કયા રાજ્યમાં નાગરિકોની આરોગ્ય સંબંધિત માહિતી એકત્ર કરવા માટે ‘રાજ્ય આરોગ્ય નોંધણી’ નામનો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ? – કર્ણાટક

(હાલ પ્રાયોગિક ધોરણે કર્ણાટકના ચિક્કાબલ્લાપુરા અને દક્ષિણ કન્નડ જિલ્લાઓમાં આ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

28. અન્ય રાજ્યોમાંથી પોતાના વતનમાં પરત ફરેલા પ્રવાસી શ્રમિકોને રોજગારી અપાવવા માટે ભારતના કયા રાજ્યમાં ‘રોજગાર સેતુ’ નામની યોજના લોન્ચ કરવામાં આવી છે ?

– મધ્યપ્રદેશ

29. TRAI દ્વારા ભારતમાં નવી ‘રાષ્ટ્રીય નંબરિંગ યોજના’ લાગુ કરવાની ભલામણ કરવામાં આવી છે....આ યોજના અતંર્ગત ભારતમાં હાલ 10 ડિજિટના મોબાઈલ નંબરની જગ્યાએ કેટલા ડિજિટનો મોબાઈલ નંબર કરવાની ભલામણ કરવામાં આવી છે ? – 11

(TRAIનું પૂરું નામ Telecom Regulatory Authority of India છે. ભારતમાં ટેલિકોમ ક્ષેત્રનું નિયમન TRAI દ્વારા કરવામાં આવે છે.)

30. 30 મેના રોજ ભારતના કયા રાજ્યનો સ્થાપના દિવસ ઉજવાય છે ? – ગોવા

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(ભારતના 25મા રાજ્ય તરીકે ગોવાની 30 મે, 1987ના રોજ સ્થાપના થઈ હતી.)

31. પોતાને કોરોના વાઈરસથી મુક્ત જાહેર કરનાર યુરોપનો પ્રથમ દેશ કયો છે ?

– મોન્ટેનેગ્રો (Montenegro)

(મોન્ટેનેગ્રોની રાજધાનીનું નામ પોડગોરિકા છે.)

32. યુરોપિયન યુનિયન દ્વારા COVID-19 સંકટથી પ્રભાવિત અર્થવ્યવસ્થાઓને મદદ કરવા માટે કેટલા રૂપિયાના આર્થિક પેકેજની જાહેરાત કરવામાં આવી છે ? – 750 બિલિયન યુરો

33. તાજેતરમાં કયા દેશ દ્વારા દક્ષિણ કોરિયામાં અમેરિકાની 'થાડ' (Thad) મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની હાજરી સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે ? – ચીન

34. ભારતે આશિયાન (ASEAN) દેશોના નેતૃત્વમાં બનેલી કઈ સમજૂતીમાં સામેલ ન થવાનો નિર્ણય કર્યો છે ? – RCEP

35. તાજેતરમાં ચર્ચામાં રહેલ RCEPનું પૂરું નામ શું છે ?

– Regional Comprehensive Economic Partnership (પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી)

36. તાજેતરમાં કયા વૈશ્વિક સંગઠનની RCEP નામની વ્યાપારી સમજૂતીમાં ભારતે સામેલ ન થવાનો નિર્ણય કર્યો છે ? – આસિયાન

(ASEANનું પૂરું નામ Association of Southeast Asian Nations છે.)

37. 1 જૂન 2020ના રોજ ઉજવાયેલા વર્ષ 2020ના 'World Milk Day' (વિશ્વ દૂધ દિવસ)ની થીમ શું હતી ?

– 20th Anniversary of World Milk Day (વિશ્વ દૂધ દિવસની 20મી વર્ષગાંઠ)

(આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2001થી થયો હતો.)

38. 1965ની મેલબોર્ન ઓલિમ્પિકમાં ત્રણ ગોલ્ડ મેડલ જીતનાર પ્રસિદ્ધ દોડવીર શ્રી બોબી જો મોરો (Bobby Joe Morrow) નું તાજેતરમાં નિધન થયું છે....તેમના દેશનું નામ શું છે ?

– અમેરિકા

39. ભારતમાં 2 જૂનના રોજ ભારતના કયા રાજ્યનો સ્થાપના દિવસ ઉજવાય છે ? – તેલંગાણા

(ભારતના 29મા રાજ્ય તરીકે તેલંગાણાની સ્થાપના 2 જૂન 2014ના રોજ થઈ હતી.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**40.** ભારતમાં કેન્દ્ર સરકારના રસાયણ અને ખાતર મંત્રાલય અંતર્ગતના રસાયણ અને પેટ્રોલ રસાયણ વિભાગના સચિવ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

– શ્રી આર. કે. ચતુર્વેદી

**41.** તાજેતરમાં ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશમાં મીડિયા નીતિ 2020 (Media Policy-2020)ને મંજૂરી આપવામાં આવી છે ? – જમ્મુ કાશ્મીર

**42.** ભારતમાં કઈ પ્રોડકટના મેન્યુફેકચરિંગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં Production Linked Incentive Scheme-PIL (ઉત્પાદન લિંકડ પ્રોત્સાહન યોજના) શરૂ કરવામાં આવી છે ? – ઈલેકટ્રોનિકસ પ્રોડકટ

(આ યોજના અંતર્ગત કેટલીક નિશ્ચિત પ્રોડકટની ભારતમાં ઉત્પાદનની વાર્ષિક વૃદ્ધિ પર કંપનીને 5 વર્ષ સુધી 4 થી 6 ટકા સુધીનું ઈન્સેન્ટિવ આપવામાં આવશે.)

**43.** COVID-19ની ગંભીર સ્થિતિમાં નાગરિકોની સહાયતા માટે દિલ્હી સરકાર દ્વારા કઈ એપ લોન્ચ કરવામાં આવી છે ? – 'દિલ્હી કોરોના' એપ

(આ એપની મદદથી નાગરિકો દિલ્હીની કઈ સરકારી તથા ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ તથા વેન્ટિલેટર ખાલી છે...એ વિશેની માહિતી મેળવી શકે છે.)

**44.** ભારતમાં DRDOની કઈ જગ્યાએ આવેલી Institute of Nuclear Medicine & Allied Sciences (INMAS) દ્વારા COVID-19નો સામનો કરવા માટે 'અલ્ટ્રા સ્વચ્છ' (Ultra Swachh) નામનું કીટાણુ નાશક યુનિટ વિકસાવવામાં આવ્યું છે ? – દિલ્હી

(આ યુનિટની મદદથી કપડા, ઈલેકટ્રોનિક સામાન તથા PPE કીટ સહીતની ચીજોને કીટાણુ મુકત કરી શકાય છે.)

**45.** વર્ષ 2020માં ગુજરાતમાં સિંહોની સંખ્યામાં 28.87 ટકાનો વધારો થયો છે....ગુજરાતમાં આ અગાઉ મે 2015માં થયેલી સિંહોની ગણતરી દરમિયાન વર્ષ 2010ની તુલનાએ સિંહોની સંખ્યામાં કેટલા ટકાનો વધારો થયો હતો ? – 27 ટકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT